

# રિસ્પોન્સીબલ જ્વેલરી કાઉન્સિલ (આરજેસી)

## આરજેસી સદ્ધાંતો અને આચરણ સંહિતા

### ડિસેમ્બર 2009

### S001_2009 – આરજેસી સદ્ધાંતો અને આચરણ સંહિતા – વૃતાંત 3

ભાષાંતર: **LanguageNoBar**

પ્રુફ રીડ: **LanguageNoBar**

**તારીખ: 15** ઓક્ટોબર **2012**

*RJC પ્રમાણીકરણ પ્રણાલીની સત્તાવાર ભાષા અંગ્રેજી છે. સંસ્કરણોની વચ્ચે અસંગતતાના કિસ્સામાં, સંદર્ભ મૂળભૂત સત્તાવાર ભાષાના સંસ્કરણ મુજબ કરવો જોઇએ.સત્તાવાર ભાષાના સંસ્કરણ માટે કૃપા કરી www.responsiblejewellery.com નો સંદર્ભ લો.*

---


**Responsible Jewellery Council**
**Principles and Code of Practices**

**December 2009**
**S001_2009 – Principles and Code of Practices – Version 3 – Gujarati Translation**

**Translated by: LanguageNoBar**
**Proof Read by: LanguageNoBar**

**Date Released: 15 October 2012**

*The official language of the RJC Certification system is English. In the case of inconsistency between versions, reference should default to the official language version. Please refer to www.responsiblejewellery.com for the official language version.*




**રિસ્પોન્સીબલ જ્વેલરી કાઉન્સિલ (આરજેસી)**

---

# આરજેસી સદ્ધાંતો અને
# આચરણ સંહિતા

S001 – આરજેસી સદ્ધાંતો અને આચરણ સંહિતા – વૃતાંત 3
ડિસેમ્બર 2009

---

© આરજેસી 2009. સર્વાધિકાર સુરક્ષિત.

રિસ્પોન્સીબલ જ્વેલરી કાઉન્સીલ

રિસ્પૉન્સિબલ જ્વેલરી કાઉન્સિલ (આરજેસી) એક બિનનફાકારક સંગઠન છે જેની સ્થાપના ૨૦૦૫માં નિમ્નલિખિત ધ્યેય સાથે કરવામાં આવી હતી:

> સમગ્ર હીરા અને સોનાના આભૂષણોની પુરવઠા શ્રૃંખલા દરમિયાન, ખાણથી છૂટક વેચાણ સુધી જવાબદાર નૈતિક, સામાજિક અને પર્યાવરણીય વ્યવહારો કે જે માનવાધિકારોનું સન્માન કરતાં હોય તેને આગળ ધપાવવા.

આ ધોરણ અંગે

આ ધોરણ જવાબદાર નૈતિક, માનવ અધિકાર, સામાજિક અને પર્યાવરણ આચરણોને વ્યાખ્યાયિત કરે છે, જે સમગ્ર હીરા અને સોનાના આભૂષણોની પુરવઠા શ્રૃંખલામાં RJCના સભ્યોને લાગુ પડે છે.

*આ એક 'જીવંત દસ્તાવેજ' છે અને RJC તે અમલીકરણ અનુભવ અને ઉભરતા સારા આચરણોના આધારે ધોરણમાં સુધારો કરવાનો અધિકાર ધરાવે છે. RJCની વેબસાઇટ પર મુકવામાં આવેલ વૃતાંત અન્ય દરેક વૃતાંતોને બદલે છે. આ દસ્તાવેજ પ્રવર્તમાન છે તેની ચકાસણી કરવા માટે કૃપા કરીને મુલાકાત લો:*
www.responsiblejewellery.com

**અસ્વીકૃતિ**

ધોરણ અને અન્ય દસ્તાવેજો અથવા ધોરણમાં સંદર્ભ આપવામાં આવેલા માહિતી સ્ત્રોતોની ચોકસાઇ અથવા સંપૂર્ણતા તરીકે કોઈ ગૅરંટી, વૉરંટી કે પ્રતિનિધિત્વ કરવામાં આવતુ નથી. આ ધોરણ સાથેના અનુપાલન કોઈપણ લાગુ થવાપાત્ર રાષ્ટ્રીય, રાજ્ય અથવા સ્થાનિક સરકારી અધિકૃત દસ્તાવેજો, કાયદાઓ, નિયમનો, વટહુકમ અથવા અહિંયા સમાવિષ્ટ બાબતો સંબંધી જરૂરિયાતોને ન તો તેને બદલવા માટે, ઉલ્લંઘન અથવા અન્ય રીતે તેને પરિવર્તિત કરવાના ઈરાદાસર આપવામાં આવ્યાં છે.

કૃપા કરીને નોંધ લેશો કે આ ધોરણ માત્ર સામાન્ય માર્ગદર્શન પુરું પાડે છે અને તેને અહિં આપવામાં આવેલા વિષય બાબત પરના સંપૂર્ણ અને અધિકૃત નિવેદન તરીકે ગણવામાં આવવા જોઇએ નહીં.

ધોરણ સાથેના અનુપાલનો સંપૂર્ણત: સ્વૈચ્છિક છે અને તે આરજેસી અને/અથવા તેના સભ્યો કે સહી કરનારાઓ વિરૂદ્ધ કોઈ કાનૂની રીતે લાગુ કરી શકાય તેવાં અમલ જવાબદારી અથવા અધિકારોની રચના, સ્થાપના, અથવા તેને ઓળખી બતાવે છે કે ન તો તેવો કોઈ ઈરાદો ધરાવે છે. આ ધોરણ *RJC* અને/અથવા તેના સભ્ય કે સહી કરનારાઓના કાનૂની રીતે લાગુ કરી શકાય તેવા કોઈ કાનૂની અમલ જવાબદારીની રચના, સ્થાપના કે ઓળખ બિન-સભ્યોને કરી બતાવતી નથી. બિન-સભ્યોને આરજેસી અને/અથવા તેના સભ્યો કે સહી કરનારાઓ વિરૂદ્ધ ધોરણનું અનુસરણ કરવામાં નિષ્ફળ જવા બદલ કાનૂની પગલાં લેવાનું કોઈ કારણ નથી.

## પૂછપરછો અથવા પ્રતિભાવ

*RJC* આ કાર્ય-પુસ્તિકા પર પ્રતિભાવને આવકારે છે. કૃપા કરી રિસ્પૉન્સિબલ જ્વેલરી કાઉન્સિલનો ઈ-મેઇલ, ટેલિફોન કે ટપાલ દ્વારા સંપર્ક સાધો:

ઈ-મેઇલ: info@responsiblejewellery.com
ટેલીફોન: +44 (0)20 7836 6376

Responsible Jewellery Council

First Floor, Dudley House
34-38 Southampton St
London WC27HF
UNITED KINGDOM

*રિસ્પૉન્સિબલ જ્વેલરી કાઉન્સિલ* એ *કાઉન્સિલ ફોર રિસ્પૉન્સિબલ* જ્વેલરી પ્રેક્ટિસીસ લિમિટેડનું વ્યાપારીક નામ છે, જે ઈંગ્લેંડ અને વેલ્સમાં કંપની ક્રમાંક 05449042 સાથે નોંધણી થયેલ છે.

**પશ્ચાદભૂમિકા**

*રિસ્પોન્સીબલ જ્વેલરી કાઉન્સીલ (RJC) એ બિનનફાકારક સંસ્થા છે જેની સ્થાપના જવાબદાર નૈતિક, સામાજીક અને પર્યાવરણીય વ્યવહારો કે જે સમગ્ર હીરા અને/અથવા સોનાના ઝવેરાત પુરવઠા શ્રૃંખલામાં, ખાણથી માંડી રિટેઇલ સુધી માનવ અધિકારોનો ખ્યાલ રાખે તે હેતુથી થઇ છે.*

*આ દસ્તાવેજમાં બહુવિધ હિત ધરાવનાર સાથે મસલત કર્યા બાદ વિકસાવેલા સિદ્ધાંતો અને આચરણ સંહિતાનો સમાવેશ થાય છે. સિદ્ધાંતો સૌ પ્રથમ મે-૨006 માં પ્રસિધ્ધ કરાયા હતા. આચરણ સંહિતા સીધી જ સિદ્ધાંતો સાથે જોડાયેલી છે અને હેતુપૂર્ણ અને ચકાસણીક્ષમ ધોરણો પુરા પાડે છે કે જેRJC  સભ્યોને પ્રમાણીત કરી શકાય.*

- વૃત્તાંત 1: પ્રથમ આચરણ સંહિતા RJC બોર્ડ દ્વારા 14 સપ્ટેમ્બર ૨006 ના રોજ ઔપચારિક રીતે સ્વીકારવામાં આવી હતી.

- વૃત્તાંત ૨: આચરણ સંહિતાને ઓડીટેબીલીટી સુધારવા માટે અદ્યતન કરવામાં આવી હતી અને RJC  બોર્ડે 14 નવેમ્બર 2008 ના રોજ તેને માન્ય કરેલ હતી.

- વૃત્તાંત 3: વધારાના બહુવિધ–હિત ધરાવનારાઓ સાથે મસલત દ્વારા વિકસાવેલ વધારાના માઇનીંગ વિશિષ્ટ ધોરણોને સમાવી લેતા આ વૃત્તાંતોને RJC બોર્ડે (તારીખ ઉમેરવાની 2009) ના રોજ માન્ય કરેલા હતા.

તમામ મૂળાક્ષરોવાળા સામાન્ય શબ્દો અને ટુંકાક્ષરોની વ્યાખ્યા આ દસ્તાવેજના અંતે આપેલ શબ્દકોશ (ગ્લોસરી)માં આપેલ છે.

**હેતુ**

આચરણ સંહિતા હીરા અને/અથવા સોનાના ઝવેરાતની પુરવઠા શ્રૃંખલાના વ્યવસાયમાં જવાબદાર નૈતિક, માનવ અધિકાર, સામાન્ય અને પર્યાવરણીય વ્યવહારની સ્પષ્ટતા કરે છે. આચરણ સંહિતાના હેતુઓ છે:

- RJC સભ્યો માટે જવાબદાર વ્યવસાયિક વ્યવહારો માટે આંતરરાષ્ટ્રીય ધોરણો ઉપર રચાયેલ છે તેના માટે સમાન ધોરણ પુરૂ પાડવુ.

- સભ્યના નિયંત્રણની અંદર જ મુદ્દાઓને હલ કરવા માટે નીતિઓ, કાર્યપ્રણાલિઓ અને વ્યવહારોની સ્થાપના અમલ અને જાળવણી માટે ફરજીયાત અપેક્ષાઓ ઉભી કરવી.

- એવી જોગવાઇ સ્થાપિત કરવી કે જે RJC પ્રમાણપત્રની મંજૂરી આપવા માટે હેતુપૂર્ણ પુરાવો પુરો પાડવા સ્વતંત્રપણે ઓડીટ થઇ શકે.

- સોના અને/અથવા હીરાના ઝવેરાત પુરવઠા શ્રૃંખલા માટે વ્યવસાયના વ્યવહારોમાં સુધારાને વેગ આપવો.

**વ્યાપ:**

આચરણ સંહિતાનો વ્યાપ સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ (ટકાઉ વિકાસ)માટે નીચેના તત્વો ધરાવે છે.

- વ્યવસાયિક નૈતિકતા: નૈતિક વ્યવસાય વ્યવહારો જાળવવા.
- માનવ અધિકાર અને સામાજીક કામગીરી: મુળભુત માનવ અધિકારો જાળવવા, કામદારો અને સુમદાય સાથે યોગ્ય રીતે અને માનથી વર્તન કરવું બહુવિધ કાર્યદળને પ્રોત્સાહન આપવું અને સલામત કામનું વાતાવરણ પુરૂ પાડવું.
- પર્યાવરણીય કામગીરી: સ્ત્રોતો અને ઉર્જાના કાર્યક્ષમ ઉપયોગને આગળ વધારવા જૈવિક વૈવિધ્યનું રક્ષણ કરવું અને પ્રદુષણને ઘટાડવું અને નિવારવુ.
- વ્યવસ્થાપન વ્યવસ્થા: લાગુ પડતા કાયદાઓ સાથે પૂર્તતા કરવી, અસરો અને લાભોની આકારણ કરવી, નીતિ અને આયોજન સ્થાપિત કરવા અને કોન્ટ્રેકટર, સપ્લાયર અને પાર્ટનર્સ સહિત વ્યવસાયના જોખમોનું વ્યવસ્થાપન કરવું.

**માનક વિકાસ**

આચરણ સંહિતાની જોગવાઇઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદામાં સ્થાપિત આંતરરાષ્ટ્રીય અને ઔદ્યોગિક માનવો, અને જવાબદાર વ્યવસાયિક વ્યવહારોના સંદર્ભ દ્વારા સ્થાપિત થયેલ છે. આચરણ સંહિતામાં ઉલ્લેખ કરાયેલ આંતરરાષ્ટ્રીય માનકોમાં નીચેનો સમાવેશ થાય છે.

- એલાયન્સ ફોર રિસ્પોન્સીબલ માઇનીંગ વીઝન એન્ડ સિદ્ધાંતો ફોર આર્ટીસનલ એન્ડ સ્મોલ સ્કેલ માઇનીંગ.
- અવેરનેસ એન્ડ પ્રિપેર્ડનેસ ફોર ઇમરજન્સીઝ એટ ધ લોકલ લેવલ (APELL) ફોર માઇનીંગ.
- બેઝલ કન્વેન્શન ઓન ધ કન્ટ્રોલ ઓફ ટ્રાન્સબાઉન્ડ્રી મુવમેન્ટસ ઓફ હેઝાર્ડસ વેસ્ટ એન્ડ ધેઇર ડીસ્પોઝલ્સ.
- ઇથીકલ ટ્રેડીંગ ઇનીશીયેટીવ -બેઝ કોડ.
- એક્સ્ટ્રેકટીવ ઇન્ડસ્ટ્રીઝ ટ્રાન્સપરન્સી ઇનીશીએટીવ.

- ફાયનાન્સીયલ એકશન ટાસ્ક ફોર્સ સ્ટાન્ડર્ડસ અગેઇન્સ્ટ મની લોન્ડરીંગ એન્ડ ધ ફાયનાન્સ ઓફ ટેરરીઝમ.

- ગ્લોબલ રીપોર્ટીંગ ઇનીશીએટીવ.

- ઇન્ટરનેશનલ કાઉન્સીલ ઓન માઇનીંગ એન્ડ મેટલ્સ સસ્ટેઇનેબલ ડેવલપમેંટ સિદ્ધાંતો, પોઝીશન સ્ટેટમેંટસ એન્ડ ગાઇડન્સ ડોક્યુમેન્ટસ.

- ઇન્ટરનેશનલ સાયનાઇડ મેનેજમેંટ કોડ

- ઇન્ટરનેશનલ ડાયમંડ કાઉન્સીલ રૂલ્સ ફોર ગ્રેડીંગ પોલીશ્ડ ડાયમંડ્ઝ (2008).

- ઇન્ટરનેશનલ ફાયનાન્સ કોર્પોરેશન (IFC) પરફોર્મન્સ સ્ટાન્ડર્ડ.

- ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનિઝેશન (ILO) ફંડામેન્ટલ રાઇટસ એટ વર્ક (બાળ મજૂરી, બળજબરી પૂર્વકના શ્રમ અને ફરિજયાત શ્રમ અને કાર્યસ્થળે ભેદભાવ અને સંગઠન અને સામુહિક સોદાબાજી માટેની સ્વતંત્રતાનું સંમેલન).

- કીમ્બર્લી પ્રોસેસ સર્ટીફીકેશન સ્કીમ એન્ડ વર્લ્ડ હીરા કાઉન્સીલ વ્યવસ્થા ઓફ વોરંટીઝ ફોર ડાયમંડ શીપમેંટ્સ.

- એસએ 8000 ઓન ચાઇલ્ડ લેબર, રીમ્યુનરેશન, વર્કીંગ અવર્સ, વર્ક પ્લેસ ડીસીપ્લીન એન્ડ ગ્રીવન્સી પ્રોસીજર.

- ધ વર્લ્ડ જ્વેલરી કોન્ફેડરેશન (CIBJO) રેગ્યુલેશન ફોર પ્રોડક્ટ ઇન્ટીગ્રેટી એન્ડ ડીસ્કલોઝર.

- યુનાઇટેડ નેશન્સ ગ્લોબલ કોમ્પેક્ટ.

- યુનાઇટેડ નેશન્સ યુનીવર્સલ ડીકલેરેશન ઓફ હ્યુમન રાઈટસ એન્ડ કોર હ્યુમન રાઇટસ કન્વેન્શન.

- વોલન્ટરી પ્રિન્સીપલ્સ ઓન સીકયોરીટી એન્ડ હ્યુમન રાઇટસ.

- વર્લ્ડ બેંક ગ્રુપ એન્વાયરમેન્ટસ, હેલ્થ એન્ડ સેફટી ગાઇડલાઇન્સ.

- ઇન્ટરનેશનલ યુનીયન ફોર ધ કન્ઝર્વેશન ઓફ નેચર (ICUN) રેડ લીસ્ટ ઓફ થ્રીએટન્ડ સ્પેશીઝ.

- વર્લ્ડ હેરીટેજ કન્વેન્શન.

ઔપચારિક અને પારદર્શક બહુવિધ હિત ધરાવનારા સાથે મસતલ બાદ માનક વિકાસ નિશ્ચિત કરવામાં આવ્યો હતો. એવી વ્યકિતઓ અને સંસ્થાઓ કે જેમણે આ પ્રક્રિયામાં ફાળો આપ્યો તેમના સમય, કૌશલ્ય અને મુલ્યવાન સુચનો બદલ ખરેખર RJC આભારી છે.

**લાગુ પડે છે**

આચરણ સંહિતાની રચના હીરા અને/અથવા સોનાની જ્વેલરીની પુરવઠા શ્રૃંખલાના તમામ ક્ષેત્રોમાં લાગુ પાડવા માટે કરવામાં આવી છે, તેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

- સોના અને/અથવા હીરા ઉત્પાદક (સોના અને હીરાના માઇનીંગ તેમજ લેબોરેટરીમાં બનાવેલ હીરાના ઉત્પાદન)
- સોનાના વેપારી, હેજર અથવા રીફાઇનર
- હીરાના વેપારી અને/અથવા કટર અને પોલીશર.
- સોના અને/અથવા હીરાના ઝવેરાતના ઉત્પાદક
- સોના અને/અથવા હીરા હોલસેલર્સ
- સોના અને/અથવા હીરા રીટેઇલર્સ
- સોના અને/અથવા હીરા પારખુઓ અને લેબોરેટરીઓ.

ઉપલી કક્ષામાં RJCના સભ્યોએ આચરણ સંહિતામુજબ તેમનો વ્યવસાય ચલાવવો જરૂરી છે. RJC સર્ટીફીકેશન વ્યવસ્થામાં આચરણ સંહિતાસાથે સભ્યોની પુષ્ટિ માટે સ્વતંત્ર ચકાસણીની જરૂરત પડશે. બિન-RJC સભ્યો દ્વારા આચરણ સંહિતા લાગુ કરવી સ્વૈચ્છિક છે.

આચરણ સંહિતાની જોગવાઇમાં સંબંધીત રેકર્ડઝ ઓછામાં ઓછા 3 વર્ષ માટે (મહત્તમ સર્ટીફિકેશન પીરીયડ) અથવા લાગુ પડતા કાયદાઓમાં જરૂરી હોય તેટલો સમય જાળવવો પડશે. નોંધો કે પ્રથમ સર્ટીફીકેશન આકારણી માટે પાછલા 12 મહિનાના રેકોર્ડઝ અને પુરાવાની જરૂર પડશે.

આચરણ સંહિતાઅને તેની જોગવાઇઓ વર્તમાન ધંધાકીય વ્યવહારોને લાગુ પડે છે અને તે પાછલી અસરથી લાગુ પડતા નથી.

**આધારરૂપ દસ્તાવેજોઃ**

આચરણ સંહિતાના અમલ અને પ્રમાણપત્ર પ્રક્રિયામાં મદદ કરવા નીચેના દસ્તાવેજો આધારરૂપ માહિતી પુરી પાડે છે:

- RJC પ્રમાણપત્ર હેન્ડબુક (G001_2009) - RJC વ્યવસ્થાનું વિહંગાવલોકન અને સટીફિકેશન પ્રાપ્ત કરવા માટેની આવશ્યકતાઓ.
- નિયત માર્ગદર્શન (G002_2009) - આચરણ સંહિતાના દરેક ધોરણોમાં માર્ગદર્શન.

- મુલ્યાંકન મેન્યુઅલ (T001_2009) - સ્વ મુલ્યાંકન (સભ્યો) અને ચકાસણી મુલ્યાંકન (ઓડીટર્સ) કેમ પૂર્ણ કરવા તે માટે સભ્યો અને ઓડીટરોને સુચનાઓ.

- મુલ્યાંકન પ્રશ્નો (ટી૦૦૨-૨૦૦૯) - આચરણ સંહિતાઅને તેની જોગવાઇઓ સામે સભ્યોની કામગીરીની આકારણી માટે રચાયેલા પ્રશ્નોનો સેટ. સભ્યો અને ઓડીટરો એક જ આકારણી પ્રશ્નોનો ઉપયોગ કરે છે.

- મુલ્યાંકન વર્કબુક (T003_2009) - હેતુપૂર્ણ પુરાવાઓ માટે વધારાની માર્ગદર્શિકાની સાથે સાથે કોષ્ટકના સ્વરૂપે બનાયેલા મુલ્યાંકન પ્રશ્નો (T002_2008) સાથે સ્વ મુલ્યાંકનની વર્કબુક.

**સમીક્ષા**

ઓછામાં ઓછા દર ત્રણ વર્ષ કે જરૂરત મુજબ સિદ્ધાંતો અને આચરણ સંહિતાની ઔપચારિક સમીક્ષાની RJC જવાબદારી સ્વીકારે છે. આચરણ સંહિતામાં અદ્યતન ફેરફારો RJC બોર્ડની મંજુરી બાદ ઔપચારિક રીતે પુનઃ જારી કરશે.

RJC સામાજીક અને પર્યાવરણીય ધોરણો સ્થાપિત કરવા માટે ISEAL કોડ ઓફ ગુડ પ્રેક્ટીસ તરફ વચનબધ્ધ છે અને કોડ સાથે 2012 સુધીમાં પુષ્ટિ પ્રાપ્ત કરવાનો ઇરાદો ધરાવે છે.

આ ધોરણો સબંધ અને પ્રાપ્ત થઇ શકે તેવા છે અને ઉદ્યોગમાં વ્યવસાયિક હેતુઓ તરફ પુરતું માન જાળવીને અગત્યના નૈતિક, સામાજીક અને પર્યાવરણીય પડકારોને પહોંચી વળશે.

**RJC સિદ્ધાંતો**

રિસ્પોન્સીબલ જ્વેલરી કાઉન્સીલના સભ્ય તરીકે, અમે અમારી વ્યવસાયિક પ્રવૃત્તિઓમાંથી આર્થિક, સામાજીક અને પર્યાવરણીય લાભો મેળવવા માગીએ છીએ કે જેથી અમે ટકાઉ વિકાસ (સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ)[1] તરફ ફાળો આપી શકીએ

## 1 ધંધાકીય નૈતિકતા

1. અમે અમારા વ્યવસાયોને ઊંચા નૈતિક ધોરણોથી ચલાવવા અને નિષ્ઠા, પારદર્શકતા અને લાગુ પડતા કાયદાઓ સાથે પુષ્ટિની ખાત્રી સાથે ચલાવવા માગીએ છીએ.
૨. અમે લાંચ (બ્રાઇબરી) અને/અથવા રૂશ્વત (કરપ્શન) માં પડીશું નહીં.
૩. અમે નાણાની ગેરકાયદે હેરફેર (મની લોન્ડરીંગ) કે ત્રાસવાદને નાણા પુરા પાડવા (ફાયનાન્સીંગ ઓફ ટેરરીઝમ) ચલાવીશું નહીં.

[1] કાઉન્સિલ તેના ટકાઉક્ષમ વિકાસ માટે તેની સમજને ૧૯૮૭ માં આયોજિત પર્યાવરણ અને વિકાસ પરના વૈશ્વિક કમિશન (ધ બ્રુંડ્ટલેંડ કમિશન) માં વ્યાખ્યાયીત કરતાં આધાર આપે છે કે: " ટકાઉક્ષમ વિકાસ એવો વિકાસ છે જે ભવિષ્યની પેઢીઓની તેમની પોતાની જરૂરિયાતોને પૂરી કરવાની ક્ષમતા સાથે સમાધાન કર્યા વિના વર્તમાનની જરૂરિયાતોને પૂરી કરે છે."

4. અમે કીમ્બર્લી પ્રોસેસ સર્ટીફીકેશન વ્યવસ્થા અને વર્લ્ડ ડાયમંડ કાઉન્સીલ વોલન્ટરી વ્યવસ્થા ઓફ વોરંટીઝને વળગી રહીશું.
૫. અમે વેચીએ તે પ્રોડક્ટની સામગ્રીના ગુણધર્મો સંપૂર્ણપણે અને સચોટ રીતે પ્રગટ કરીશું.
6. પ્રોડક્ટનું શીપમેન્ટ થાય તેની ભૌતિક અખંડતા અને સલામતીની ખાત્રી માટેના વ્યાજબી પગલાઓ અમે લઇશું.
૭. અમે વ્યાપારી અને ડેટા ગોપનીયતા જાળવીશું.

**૨ માનવ અધિકાર અને સામાજીક કામગીરી**

1. અમે યુનાઇટેડ નેશન્સ યુનિવર્સલ ડીકલેરેશન ઓફ હ્યુમન રાઇટસ મુજબ વ્યક્તિના પાયાના માનવ અધિકારો અને ગૌરવમાં માનીએ છીએ અને તે જાળવીશું.
૨. અમે બાળ મજુરી (ચાઇલ્ડ લેબર) ને ચલાવી નહીં લઇએ.
૩. અમે બળપૂર્વકના, બંધાયેલા, કરારબધ્ધ કે કેદી મજુરોનો ઉપયોગ નહીં કરીએ કે કર્મચારીઓ અને તેમના આશ્રિતોની હિલચાલની સ્વતંત્રતાને નિયંત્રિત નહીં કરીએ.
4. અમે અમારી કામગીરીમાં આરોગ્ય અને સલામતીના ઉચ્ચ ધોરણો માટે પ્રતિબધ્ધ છીએ.
૫. અમે કામદારોને મુક્તપણે સંગઠિત થતા અટકાવીશું નહીં. જ્યાં કાયદાઓ આવી સ્વતંત્રતાને પ્રતિબંધ કરે છે, ત્યાં અમે ચર્ચાના સમાંતર માધ્યમને ટેકો આપશું.
6. અમે કામના સ્થળે જાતિ, વંશીયતા, જાત, રાષ્ટ્રીય મુળ, ધર્મ, અપંગતા, લિંગ, જાતિય મુળ, યુનિયનનું સભ્યપદ, રાજકીય જોડાણ, દાપત્યજીવનની કક્ષા, શારીરિક દેખાવ, ઉંમર કે અન્ય લાગુ પડતા પ્રતિબંધિત પાયાના ધોરણોના આધારે ભેદભાવ રાખીશું નહીં અને એવી તમામ વ્યકિતઓ કે જેઓ “ફીટ ફોર વર્ક” છે તેમને સમાન તકો આપવામાં આવશે અને તેમની કામ કરવાની સમર્થતા સાથે સંબંધ ન હોય તેવા પરીબળોના આધારે તેમના તરફ ભેદભાવ રાખવામાં આવશે નહીં.
૭. અમે કોઇપણ સંજોગોમાં શારીરિક શિક્ષા કરીશું નહીં અને ઉતારી પાડતી વર્તણુંક, હેરાનગતિ, ગેરવર્તણૂંક, દબાણ કરવું કે કોઇપણ સ્વરૂપે કનડગત કરવા પર પ્રતિબંધ મુકીશું.
૮. અમે કામના કલાકોને અને વેતનના કાયદાઓને, અને જ્યાં કાયદા દ્વારા આવી કાનૂની જરૂરતો નથી ત્યાં પ્રવર્તમાન ઔદ્યોગિક ધોરણોને વળગી રહીશું.
૯. અમે જ્યાં કામગીરી કરતા હોઇશુ ત્યાંના સમુદાયને તેમના સામાજિક અને આર્થિક કલ્યાણમાં ફાળો આપીને તેમના વિકાસમાં મદદ કરશું.
10. અમે વ્યકિતગત લોકોના અધિકારોને માન્ય રાખશું અને માન આપીશું અને તેમના પ્રણાલિગત, સાંસ્કૃતિક અને સામાજીક વારસાનું મુલ્ય કરશું.
11. અમે અમારી દ્રશ્ય ક્ષમતામાં કાર્ય કરતા કારીગરો અને નાના પાયાના માઇનરો જોડે વ્યવહાર કરશું અને જવાબદાર અને કાયદેસર ઉત્ખનન વ્યવહારોને આગળ વધારવા બહુવિધ-હિત ધરાવતી પહેલ કરીશું.

### ૩ પર્યાવરણીય કામગીરી

1. અમે અમારો વ્યવસાય પર્યાવરણીય જવાબદાર રીતે ચલાવીશું
૨. અમે નકરાત્મક પર્યાવરણીય અસરો ટાળીને અથવા ઓછામાં ઓછી કરીને અમારી પર્યાવરણીય કામગીરીની વ્યવસ્થા કરીશું.
૩. અમારા સ્ત્રોતો અને ઉર્જાનું વ્યવસ્થાપન કરીને અમારી વ્યવસાયિક કામગીરીની કાર્યક્ષમતા સુનિશ્ચિત કરશું.
4. અમે જૈવિક વૈવિધ્ય જાળવવા અને જૈવિક વૈવિધ્ય પર નકારાત્મક અસરો ઘટાડવાના મહાવરા અપનાવીશું.

### 4 વ્યવસ્થાપન વ્યવસ્થા

1. અમે લાગુ પડતા કાયદાઓની પૂર્તતા કરીશું અને RJC આચરણ સંહિતાને અમારી કટીબધ્ધતા જાહેરમાં દર્શાવીશું.
૨. અમે અમારા વ્યવસાયિક ભાગીદાર તરફના જોખમ સહિતના જોખમોની આકારણી કરશું અને એવી વ્યવસ્થા સ્થાપીશું કે જે નૈતિક, માનવ અધિકાર, સામાજિક અને પર્યાવરણીય વ્યવસાયિક વ્યવહારોની વ્યવસ્થા કરે અને સુધારે.

**આચરણ સંહિતા જોગવાઇઓ**

## 1 વ્યવસાયિક નૈતિકતા

### 1.1 લાંચ અને સગવડતા માટેની ચૂકવણીઓઃ

1. સભ્યો તેમના દ્વારા અથવા તેમના વતી તેમના વ્યવસાયિક ભાગીદારો દ્વારા થતા તમામ વ્યવસાયિક વ્યવહાર અને કામકાજમાં લાંચ ઉપર પ્રતિબંધ મુકશે. તેઓ કોઇપણ ચુકવણું, વસ્તુના સ્વરૂપમાં ભેટ, મહેમાનગતિ, ખર્ચ કે વચનો ઓફર નહીં કરે, સ્વીકારશે નહીં કે સગવડ નહીં કરે કારણ કે આથી તેમના વ્યાજબી સ્પર્ધાના સિધ્ધાંતો સાથે સમાધાન થાય છે અને કોઇ અન્ય વ્યકિત માટે કે સાથે ધંધો મેળવવાનો કે સીધો ધંધો કરવાનો પ્રયાસ ઉભો થાય છે અથવા ધંધાના અથવા સરકારની નિર્ણય લેવાની પ્રકિયાના માર્ગમાં અવરોધ પેદા થાય છે.

૨. સભ્યો લાંચના જોખમોને ધ્યાનમાં લેશે કારણ કે તે કયાં ક્ષેત્રોમાં ઉંચુ જોખમ રહેલું છે તે ઓળખવા માટે તેમની સંસ્થા (એજન્ટો સહિત) ને લાગુ પડશે. સભ્યો કર્મચારીઓ અને એજન્ટોના વ્યવહારોના નિરીક્ષણ માટે અને આ સમજુતિના આધારે લાંચને નાબુદ કરવા માટે યોગ્ય પધ્ધતિ વિકસાવશે.

૩. સભ્યો તેમની સંસ્થાની અંદર લાંચના પ્રયાસોની અને ગેરવ્યાજબી ભેટોની ઘટનાઓનો અહેવાલ આપવાની વ્યવસ્થા કરશે અને લાંચ અને લાંચના પ્રયાસ સામે યોગ્ય પ્રતિબંધોનો પુરેપુરો અમલ કરશે.

4. સભ્યોએ પોતાના કર્મચારીઓને સ્પષ્ટપણે સંદેશો આપવો જોઇએ કે કોઇપણ કર્મચારીને ચિંતા વ્યકત કરવા માટે, અથવા લાંચ કે સગવડતા માટે નાણા ચુકવવાના ઇનકાર બદલ, કંપનીને ધંધો ગુમાવવો પડે તેમને પદચ્યુતિ, દંડ કે અન્ય પરિણામો ભોગવવા પડે.

૫. જ્યાં સભ્યો ફેસીલીટેશન પેમેન્ટ (સગવડતા માટે નાણા ચુકવવા) ને દૂર કરવા સમર્થ નથી બન્યા ત્યાં તેઓ તમામ ચુકવાયેલ, ફેસીલીટેશન પેમેન્ટના નીરીક્ષણ, અવલોકન અને સંપૂર્ણ હિસાબ માટે યોગ્ય અંકુશોનો અમલ કરશે. તેઓ એ સુનિશ્ચિત કરવા કામ કરશે તે તમામ ફેસીલીટેશન પેમેન્ટ નાબુદ કરવાના અંતિમ ધ્યેય સાથે, આ બધા મર્યાદિત પ્રકાર અને અવકાશના છે.

### 1.2 મની લોન્ડરીંગ (નાણાની ગેરકાયદે હેરફેર) અને ફાયનાન્સ ઓફ ટેરરીઝમ (ત્રાસવાદ માટે નાણા પુરા પાડવા)

1. સભ્યોએ જ્યાં લાગુ પડતા કાયદાઓની જરૂરત છે ત્યાં અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હિસાબ ધોરણ મુજબ તમામ ધંધાકીય વ્યવહારોના આર્થિક હિસાબો જાળવવા જોઇએ. આ હિસાબો કાં તો

સ્વતંત્ર રીતે સર્ટીફાઇ થયા હોવા જોઇએ અને/અથવા કોઇપણ પૂર્વગ્રહ કે વગ વિના નિયુક્ત પામેલ હોય તેવા યોગ્ય લાયકાતવાળા ઓડીટર દ્વારા ઓડીટ થયા હોવા જોઇએ.

2. સભ્યોએ એ બાબત જાણવી જોઇએ કે આંતરરાષ્ટ્રીય વ્યવહારો એકથી વધુ નિયંત્રક ન્યાયતંત્રને પાત્ર હોય છે.

   એ. જયાં લાગુ પડતા કાયદાઓનું અસ્તિત્વ ન હોય ત્યાં, સભ્યોએ ડેઝીગ્નેટેડ નોન-ફાયનાન્સીયલ બિઝનેસ પ્રોફેશન (DNFBP) હેઠળ કિંમતી ધાતુઓ અને જેમ્સ સ્ટોનના ડીલરોને લાગુ પડતી ફાયનાન્સીયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF)[2] 40 રીકમેન્ડેશન્સ અને ૯ ખાસ ભલામણની જોગવાઇ સાથે સભ્યોએ પૂર્તતા કરવી જોઇએ.

   બી. રોકડ અથવા રોકડ જેવા તમામ વ્યવહારો લાગુ પડતા કાયદાઓની પૂર્તતા સાથે જ થવા જોઇએ. જ્યાં તે સંબધ્ધ વ્યાખ્યાયિત આર્થિક હદથી ઉપર જાય, ત્યાં સંબંધિત નિયુક્ત સત્તા સાથે રેકર્ડઝ રાખવાની જરૂરત છે.

૩. સભ્યોએ હમેંશા “નો યોર કસ્ટમર” ના સિધ્ધાંત મુજબ કામ કરવું જોઇએ જેથી તેઓ જેની સાથે કામ કરે છે તે બધી સંસ્થાઓ સાથે ઓળખ સિધ્ધ થાય, તેમના ધંધાકીય સંબંધોની સ્પષ્ટ સમજણ મળે અને સામાન્ય કે શંકાસ્પદમાંથી બહાર આવતા વ્યવહારના પેટર્નને ઓળખવા અને પ્રતિભાવ આપવાની વ્યાજબી સમર્થતા મળે.

[2] નાણાકીય કાર્ય વિશેષ દળ(એફએટીએફ) – નાણાકીય પ્રણાલીઓના ગુનાઇત ઉપયોગના પ્રતિરોધ માટે એક આંતરરાષ્ટ્રીય કાર્યનીતિ બનાવવા માટે અધિષ્ઠાપિત કરવામાં આવેલું સંગઠન.

## 1.3 કીમ્બર્લી પ્રોસેસ

1. સભ્યોએ કન્ફલીક્ટ ડાયમંડ્સ જાણી જોઇને ખરીદવા કે વેચવા નહીં અને અન્યોને તેમ કરવામાં મદદ કરવી જોઇએ નહી.

૨. સભ્યો જયારે રફ હીરાના આંતરરાષ્ટ્રીય વેપાર સાથે સંડોવાય ત્યારે તેમણે કીમ્બર્લી પ્રોસેસ સર્ટીફીકેશન સ્કીમ હેઠળ લાગુ કરવામાં આવેલ એ સંબંધિત રાષ્ટ્રીય કાયદાઓ મુજબ રફ હીરા એક્સપોર્ટ એન્ડ ઇમ્પોર્ટ વેરીફિકેશન વ્યવસ્થા અને કંટ્રોલને લાગુ કરવા જોઇએ. સભ્યોએ રફ હીરા માટે કીમ્બર્લી પ્રોસેસ સર્ટીફીકેશનના રેકર્ડઝ જાળવવા જોઇએ. કીમ્બર્લી પ્રોસેસ સર્ટીફિકેશન સ્વતંત્ર રીતે કંપનીના પોતાના સ્વતંત્ર ઓડીટર દ્વારા વાર્ષિક ધોરણે ઓડીટ અને રીકોન્સાઇલ થવા જોઇએ. જો યોગ્ય અધિકૃત સરકારી એજન્સી દ્વારા કહેવામાં આવે તો, આ રેકર્ડઝ કીમ્બર્લી પ્રોસેસ સાથે પૂર્તતા પુરવાર કરવા સમર્થ હોવા જોઇએ.

૩. સભ્યો જ્યારે હીરાની ખરીદી અને વેચાણમાં સંડોવાયેલા હોય, પછી ભલે તે રફ, પોલીશ્ડ કે જ્વેલરીમાં સેટ કરેલા હોય તે "વર્લ્ડ ડાયમંડ કાઉન્સીલ રીઝોલ્યુશન ઓન ઇન્ડસ્ટ્રી સેલ્ફ રેગ્યુલેશન" ના સિધ્ધાંતોને સંપૂર્ણપણે વળગી રહેવા જોઇએ. સભ્યોને તેમના સ્થાને એવી વ્યવસ્થા હોવી જરૂરી છે કે જેથી ડાયમંડ્ઝના તમામ બીલો, ચાહે રફ, પોલીશ્ડ કે જ્વેલરીમાં સેટ કરેલા હોય, ખરીદેલા હોય કે વેચેલા હોય, તેમાં વર્લ્ડ ડાયમંડ કાઉન્સીલ વોરંટી સ્ટેટમેંટ[3] હોવું જોઇએ. સભ્યોએ આવા તમામ બીલોનો રેકર્ડઝ રાખવો જોઇએ. સભ્યોએ પોતાના સ્થાને એવી વ્યવસ્થા રાખવી જોઇએ કે તેઓ એવા સ્રોતોમાંથી ખરીદી ન કરે કે જે તેમના ઇન્વોઇસમાં વર્લ્ડ ડાયમંડ કાઉન્સલ વોરંટી સ્ટેટમેંટ પુરા ન પાડતું હોય.

4. સભ્યોએ પોતાના તમામ કર્મચારીઓ કે જેઓ ડાયમંડ્ઝ ખરીદે છે કે વેચે છે તેમને કન્ફલીક્ટ ડાયમંડ્ઝના વેપાર પર સરકારના નિયંત્રણો અંગે, કીમ્બર્લી પ્રોસેસ સર્ટીફિકેશન સ્કીમ અને વર્લ્ડ ડાયમંડ કાઉન્સીલ વ્યવસ્થા ઓફ વોરંટી અંગે જણાવવું જોઇએ.

## 1.4 પ્રોડક્ટ સિક્યોરીટી (પ્રોડક્ટ સલામતી)

1. સભ્યો માલની ચોરી, નુકશાન કે ફેરબદલો સામે રક્ષણ માટે મકાનની અંદર તથા શીપમેંટ દરમ્યાન પ્રોડક્ટ સિકયોરીટી પગલાઓ સ્થાપિત કરશે.

૨. પ્રોડક્ટ સિક્યોરીટી પગલાઓ સ્થાપિત કરતી વખતે કર્મચારીઓ, મુલાકાતીઓ અને અન્ય સંબંધિત બીઝનેસ પાર્ટનરોની સલામતી અને સુખાકારીને અગ્રતા આપવામાં આવશે.

---

[3] વિશ્વ હીરા કાઉન્સિલ વૉરંટી નિવેદન – "અહિં જે હીરાઓને ઇન્વોઇસ કરવામાં આવ્યા છે તે સંઘર્ષના ભંડોળમાં સામેલ ન હોય તેમજ સંયુક્ત રાષ્ટ્રના ઠરાવો મુજબ કાર્ય કરતાં કાયદેસર સ્રોતો પાસેથી ખરીદ કરવામાં આવ્યાં છે. આ હીરાઓના આપૂર્તિકર્તા દ્વારા આપવામાં આવેલી લેખિત બાંયધરી અને/અથવા વ્યક્તિગત જાણકારીના આધારે સંઘર્ષ મુક્ત હોવાની બાંયધરી આ સાથે વેચાણકર્તા દ્વારા આપવામાં આવે છે.

1.5 પ્રોડક્ટ ઇન્ટેગ્રીટી (પ્રોડક્ટ સંકલિતતા)

1. **સામાન્ય**: સભ્યો હમેંશા હીરા અને ગોલ્ડ જ્વેલરી પ્રોડક્ટને લાગુ પડતા સંબંધિત વ્યાપારી ધોરણોના કાયદાઓ અને જ્યાં તેનું અસ્તિત્વ છે ત્યાં ચોક્કસ રાષ્ટ્રીય અને/અથવા સ્થાનિક નિયમોની સાથે પૂર્તતા કરશે. જ્યાં કોઇ ચોક્કસ વ્યાપારી ધોરણો કે પ્રોડક્ટ ઇન્ટીગ્રેટી (સંકલીતતા) નિયમનો લાગુ નથી પડતા ત્યાં સભ્યો નીચે યાદી આપેલી જરૂરતો મુજબ પૂર્તતા કરશે.

૨. **યોગ્ય પ્રગટીકરણ**: સભ્યોએ હીરા કે સોનાના ઝવેરાતની ભૌતિક ગુણવત્તા ઉપરની તમામ સંબંધિત માહિતીઓ જેવી કે દળ/વજન, કટ, કલર, ક્લેરીટી કે ફાઇનનેસ યોગ્ય રીતે પ્રગટ કરવાના તમામ વ્યાજબી પ્રયાસો કરવા જોઇએ.

૩. **ગેરરજુઆત**: સભ્યો કોઇપણ હીરા, ટ્રીટેડ હીરા, બનાવટી કે સિમ્યુલન્ટ કે કોઇ સોનાના પ્રોડક્ટની ઇન્ટરનેટ સહિત, કોઇપણ માધ્યમમાં વેચાણ[4], જાહેરાત[5] કે વિતરણમાં કોઇ અસત્ય, ગેરમાર્ગે દોરતું નિવેદન, ખોટી રજુઆત કે સામગ્રી[6] ચુકી જશે નહીં.

4. **સોનું**:

એ. સભ્યો તેમના પ્રોડક્ટમાં વાપરવામાં આવેલ સોનાની સચોટપણે ફાઇનનેસ (શુધ્ધતા) જાહેર કરશે.

બી. સંપૂર્ણપણે કે આંશિક રીતે સોનુ ધરાવતા આર્ટીકલોમાં ગોલ્ડ ક્વોલીટી માર્ક લાગુ પાડતી વખતે સભ્યો લાગુ પડતા કાયદાઓ હેઠળ લાગુ કરવા માટે અધિકૃત માર્ક લગાવશે કે જે વર્તમાનમાં જેનાથી તે દાગીનો સંપૂર્ણપણે કે આંશિક રીતે બનેલો છે તે સોનાની ગુણવત્તા દર્શાવતો હોય. માર્ક લાગુ પડતા કાયદા કે સંબંધિત આંતરરાષ્ટ્રીય ધોરણો દ્વારા અધિકૃત રીતે લાગુ કરવો જોઇએ.

૫. **ટ્રીટેડ હીરા**:

a. ટ્રીટેડ હીરાને ક્યાં તો "ટ્રીટેડ" તરીકે અથવા તો ચોક્કસ ટ્રીટમેન્ટના વિશિષ્ટ ઉલ્લેખ સાથે જાહેર કરવા જોઇએ. વર્ણન ઉડીને આંખે વળગે તેવું હોવું જોઇએ અને "હીરા" કે "સિન્થેટીક" જે હોય તે શબ્દની તરત જ આગળ હોવું જોઇએ. ખાસ કરીને.

- કોઇપણ શબ્દ કે જે ટ્રીટમેન્ટ થઇ છે તે છુપાવવા માટે રચાયો હોય અથવા એવું દેખાડે કે ટ્રીટમેન્ટ એ સામાન્ય પોલીશીંગ પ્રક્રિયાનો ભાગ છે અથવા તો જે ગ્રાહકોને ગમે તે રીતે ગેરમાર્ગે દોરે, તેનો ઉપયોગ ન થવો જોઇએ. દાખલા તરીકે ટ્રીટેડ હીરાના વર્ણન માટે ઇમ્પ્રુવ્ડ (સુધારેલો) શબ્દ ન વાપરવો જોઇએ.

---

[4] વેચાણમાં વેચવા માટેના પ્રસ્તાવ, વેચવા માટે ખુલ્લુ કરવા, એવી રીતે પ્રદર્શન કરવું કે જે એવી વાજબી માન્યતા તરફ દોરી જાય કે પ્રદર્શિત કરવામાં આવેલું ઉત્પાદ વેચાણ માટે મૂકવામાં આવ્યું છે તેનો સમાવેશ થાય છે. શંકાને ટાળવા માટે, આમાં ઉદ્યોગ દ્વારા સ્વીકૃત "મેમો" પદ્ધતિનો પણ સમાવ્એશ કરવામાં આવ્યો છે, સંભવિત વેચાણ માટે ગ્રાહકોને પૂર્વ-વ્યવસ્થા કરવામાં આવેલા સમયગાળા માટે સામાન મોકલવાની પદ્ધતિ.

[5] જાહેરાતમાં ઉત્પાદના ઉપયોગ અથવા વેચાણ માટે આપવામાં આવતાં પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રોત્સાહનનો સમાવેશ થાય છે.

[6] પ્રતિનિધિત્વમાં ચિત્રો, વિવિરણો, અભિવ્યક્તિઓ, શબ્દો, પદાર્થની સાથે વાજબી રીતે સંલગ્નતા દર્શાવતા હોઈ શકે તે રીતે આપવામાં આવેલાં વર્ણનો અને સંજ્ઞાઓનો સમાવેશ થાય છે.

- ટ્રીટમેન્ટથી કોઇ ખાસ સંભાળની જરૂરત ઉભી થાય તો તે જાહેર કરવી જોઇએ.

b. ટ્રીટેડ ડાયમંડ્ઝ સાથે પેઢીના નામ, ઉત્પાદકો કે ટ્રેડ માર્ક્સ વાપરવાના નથી, સિવાય કે આ વિભાગ વ્યાખ્યાયિત "ટ્રીટેડ" શબ્દ પછી તરત જ સ્પષ્ટપણે આવા નામો હોય અથવા તે અન્યથા ઉડીને આંખે વળગે તે રીતે દેખાય અથવા ટ્રીટેડ તરીકે અગ્ર રીતે પ્રગટ કરાય.

**6 સિન્થેટીક (બનાવટી) ડાયમંડ્ઝ**

a. સંપૂર્ણ કે આંશિક સિન્થેટીક ડાયમંડ્ઝને હંમેશા "લેબોરેટરીમાં બનાવેલા", "લેબોરેટરીમાં વિકસાવેલ", "માનવ સર્જીત" [ઉત્પાદકનું નામ] દ્વારા નીર્મિત અને/અથવા "સિન્થેટીક" તરીકે જાહેર કરવા જોઇએ અને વર્ણન હમેંશા ઉડીને આંખે વળગે તેવું હોવુ જોઇએ અને "હીરા[7]" શબ્દની તરત પહેલા હોવું જોઇએ.

b. સભ્યો કોઇ સિન્થેટીકના વર્ણન માટે "રીયલ", "જેન્યુઇન" કે "નેચરલ" શબ્દના ઉપયોગ નહીં કરે કે એવા કોઇ શબ્દો નહીં વાપરે કે જે એ હકીકત છુપાવે કે હીરા સિન્થેટીક છે અને જે કોઇપણ રીતે ગ્રાહકને ગેરમાર્ગે દોરે.

**૭. હીરા સીમ્યુલન્ટ્સ**:

a. સભ્યોએ હંમેશા સીમ્યુલન્ટને ક્યાં તો મીનરલ (ખનીજ) અથવા કમ્પાઉન્ડ (સંયોજન) કે જે તે હોય તે રીતે અથવા એક "હીરા સિમ્યુલન્ટ" કે "ઇમીટેશન હીરા" તરીકે વર્ણવવું જોઇએ. બહુ સ્પષ્ટ શબ્દ "હીરા" નો સિમ્યુલન્ટ સાથે ક્યારેય ઉપયોગ ન કરવો જોઇએ.

b. સભ્યોએ સિમ્યુલન્ટને વર્ણવવા માટે "રીયલ" અને "જેન્યુઇન" શબ્દો ન વાપરવા જોઇએ.

સી. જે સિમ્યુલન્ટ કુદરતી રીતે ઉદ્દભવેલ ખનીજ કે સંયોજન ન હોય તો સભ્યો સિમ્યુલન્ટનું વર્ણન કરવા "નેચરલ" શબ્દ નહી વાપરે.

**૮. હીરાની ક્વોલીટી - કટ અને પોલીશ્ડ ડાયમંડ્ઝ**:

a. સભ્યો જ્યારે હીરાના વજન, કલર, ક્લેરીટી અને કટનું વર્ણન કરે ત્યારે હંમેશા જે તે જ્યુરીસ્ડીક્શન (ન્યાયકીય સત્તાક્ષેત્ર) ને યોગ્ય માન્ય માર્ગરેખાઓ મુજબ કરે.

b. સભ્યો નીચેનાને વર્ણવવા માટે શબ્દો "ફ્લોલેસ" કે "પરફેક્ટ" પણ નહીં વાપરે:

- જે ફાંટ, તૂટ, આંતરિક પદાર્થ, કાર્બનના સ્પોટ, વાદળો, આંતરિક લેસરીંગ કે અન્ય ખોડ કે કોઇપણ જાતની અપૂર્ણતા કે જે હીરા ગ્રેડીંગમાં કુશળ વ્યકિત દ્વારા પુરતા પ્રકાશ સાથે, 10 પાવરના સારા ગોઠવેલા મેગ્નીફાયર હેઠળ તપાસવામાં આવે ત્યારે; અથવા.

[7] પૉલિશ્ડ હીરાઓના વર્ગીકરણ માટે આંતરરાષ્ટ્રીય હીરા કાઉન્સિલ નિયમો (૨૦૦૮)

- જ્વેલરીનો કોઇપણ દાગીનો કે જેમાં એવો હીરા હોય કે જે “ફ્લોલેસ” કે “પરફેક્ટ” ની વ્યાખ્યામાં ન આવતો હોય.

c. સભ્યો એવા ગોળ હીરા કે જેને 32 ફેસેટ ઉપરાંત ધરી ઉપર ટેબલ અને નીચે ઓછામાં ઓછા 24 ફેસેટ ન હોય તેના માટે “બ્રીલીયન્ટ”, “બ્રીલીયન્ટ કટ” કે “ફુલ કટ” શબ્દો વર્ણન માટે, ઓળખવા માટે કે સંદર્ભ માટે નહીં વાપરી શકે.

### 1.6 એકસ્ટ્રેક્ટીવ ઇન્ડસ્ટ્રીઝ ટ્રાન્સપેરન્સી ઇનીશીયેટીવ

1. માઇનીંગ ફેસીલીટીવાળા સભ્યો એકસ્ટ્રેક્ટીવ ઇન્ડસ્ટ્રીઝ ટ્રાન્સપેરન્સી ઇનીશીએટીવ (EITI) ના અમલ માટે કટીબધ્ધ રહેશે અને તેને ટેકો આપશે.

## 2 માનવ અધિકારો અને સામાજિક કામગીરી

### 2.1 માનવ અધિકારો

1. સભ્યો હમેશા યુનાઇટેડ નેશન્સ યુનિવર્સલ ડીકલેરેશન ઓફ હ્યુમન રાઇટસ મુજબ મુળભુત માનવ અધિકારો અને વ્યકિતનું ગૌરવ જાળવશે.

### 2.2 ૨.૨ બાળ મજુરી અને કિશોરો

1. સભ્યો ILO કન્વેન્શન 138 અને રીકમેન્ડેશન 146 માં વ્યાખ્યાયિત કરાયેલ એ સંજોગો સિવાય બાળકોને (15 વર્ષથી નાના અથવા જ્યાં દેશનો કાયદો મંજુરી આપે છે ત્યાં 14 વર્ષ) રોજગારીમાં રોકશે નહીં કે ટેકો આપશે નહીં સિવાય કે રાષ્ટ્રીય અને/અથવા સ્થાનિક સરકાર દ્વારા મંજુરી મળી હોય અથવા તો ગ્લોબલ ઇમ્પેક્ટમાં[8] દર્શાવેલી માર્ગરેખાઓ મુજબ હોય.

2. જ્યાં કોઇ બાળકો રોજગારીમાં હોવાનું માલુમ પડશે, સભ્યોએ તેઓ જ્યાં સુધી બાળક ન રહે ત્યાં સુધી તેમને શાળામાં જવા અને હાજર રહેવા માટે સમર્થ બનાવવા પુરતો આધાર પુરો પાડશે. ચાઇલ્ડ લેબર રેમેડીએશન પ્રક્રિયાઓમાં બાળકના સતત કલ્યાણના પગલાઓનો સમાવેશ થાય છે અને બાળકના પરીવારની આર્થિક હાલતનો વિચાર કરાય છે. લઘુત્તમ ઉંમરની જરૂરતની વિરૂધ્ધમાં રોજગારીમાં જોવા મળેલ બાળકો તબક્કાવાર રેમેડીએશન પ્રક્રિયા દરમ્યાન આંશિક રોજગારીમાં રહી શકે છે. સભ્યો ઓછામાં ઓછા 12 કલાકનો રાત્રીના આરામનો સમય આપશે, પ્રણાલિગત સાપ્તાહિક રજાના દિવસો સહિત, અને એ સુનિશ્ચિત કરશે કે ઓવરટાઇમ પ્રતિબંધિત છે અને બાળક તે કે તેણી જે કામ કરે છે તે બદલ તેને વ્યાજબી ચુકવણું કરાય છે.

3. સભ્યો ILO રીકમેન્ડેશન 146 અને યંગ પર્સન્સ હેઠળ આવરી લેવાયેલા બાળકો કે જેઓ સ્થાનિક ફરજીયાત શિક્ષણ કાયદાઓ કે શાળામાં હાજરી આપવાને પાત્ર છે તેમના શિક્ષણને પ્રોત્સાહન આપશે, એ સુનિશ્ચિત કરવા સહિત કે આવો કોઇ બાળક કે કિશોર શાળાના કલાકો દરમ્યાન કામે ન રાખ્યો હોય અને દરરોજના પરીવહન (નોકરીના સ્થળ અને શાળા સુધી અને તરફથી) શાળા અને કામનો સમય દિવસના 10 કલાકથી વધતો ન હોય.

4. સભ્યો બાળક કે કિશોરને એવા કામમાં વિગોપીત નહીં કરે કે જે તેના પ્રકારથી અથવા જે સંજોગોમાં તે ચલાવવામાં આવે છે તેનાથી ૧૮ વર્ષથી (અથવા 16 વર્ષ લાગુ પડતા કાયદાઓની અધિકૃતતાને

[8] લઘુતમ વય માટે વૈશ્વિક સઘન માર્ગદર્શિકાઓ:

| વિકસિત દેશો | | વિકાસશીલ દેશો | |
|---|---|---|---|
| હળવું કામ | ૧૩ વર્ષ | હળવું કામ | ૧૨ વર્ષ |
| નિયમિત કામ | ૧૫ વર્ષ | નિયમિત કામ | ૧૪ વર્ષ |
| જોખમી કામ | ૧૮ વર્ષ | જોખમી કામ | ૧૮ વર્ષ |

પાત્ર અને પર્યાપ્ત અને ચોક્કસ સુચનાઓની પ્રાપ્તિ અથવા પ્રવૃત્તિની જે તે સંબંધિત શાખામાં વોકેશનલ તાલીમને પાત્ર નીચેની વ્યકિતના આરોગ્ય સલામતી કે નૈતિકતાને જોખમાવી શકે).

## 2.3 ફોર્સ્ડ લેબર (બલજબરીપૂર્વકનો શ્રમ)

1. સભ્યો ફોર્સ્ડ લેબર (બંધાયેલા, કરાર બધ્ધ કે કેદી મજુર સહિત) નો ઉપયોગ નહીં કરે કે કર્મચારીઓની હેરફેરના સ્વાતંત્ર્યને નિયંત્રિત નહીં કરે.

2. સભ્યો ઓળખ પત્રો જેવા કર્મચારીના વ્યકિગત દસ્તાવેજોની મુળ નકલ રાખશે નહીં, કે સીધા કે ભરતી એજન્સીઓ દ્વારા કોઇ ડીપોઝીટ, ભરતી ફી, કે સાધનો કર્મચારીઓ પાસેથી આગોતરા લેશે નહીં.

## 2.4 ફ્રીડમ ઓફ એસોસીએશન અને કલેક્ટીવ બાર્ગેઇનીંગ (સંગઠન સ્વતંત્રતા અને સામુહિક સોદેબાજી)

1. સભ્યો ફોર્સ્ડ લેબર (બંધાયેલા, કરાર બધ્ધ કે કેદી મજુર સહિત) નો ઉપયોગ નહીં કરે કે કર્મચારીઓની હેરફેરના સ્વાતંત્ર્યને નિયંત્રિત નહીં કરે[9]

2. સભ્યો ઓળખ પત્રો જેવા કર્મચારીના વ્યકિગત દસ્તાવેજોની મુળ નકલ રાખશે નહીં, કે સીધા કે ભરતી એજન્સીઓ દ્વારા કોઇ ડીપોઝીટ, ભરતી ફી, કે સાધનો કર્મચારીઓ પાસેથી આગોતરા લેશે નહીં.

## 2.5 ભેદભાવ

1. સભ્યો કામના સ્થળે નોકરીએ રાખવા પગાર, ઓવરટાઇમ, તાલીમની પહોંચ, પ્રમોશન, બરતરફી કે નિવૃતિને જાતિ, વંશિયતા, નાત, રાષ્ટ્રીય મુળ, ધર્મ, અપંગતા, લિંગ, જાતિય મુળ, યુનિયનનું સભ્યપદ, રાજકીય જોડાણ, દાંપત્યની કક્ષા, ગર્ભાવસ્થાની સ્થિતિ, શારિરીક દેખાવ, એચઆઇવી અવસ્થા કે ઉંમર કે અન્ય કોઇ પ્રતિબંધિત પાયાના આધારે કોઇ જાતનો ભેદભાવનો અમલ નહીં કરાય અને તેને વખોડી કઢાશે અને એ બધી વ્યકિતઓ કે જેઓ “ફીટ ફોર વર્ક” છે તેમને સમાન તકો અપાશે અને તેમનું કામ કરવાની તેમની સમર્થતા સાથે સંબંધ ન હોય તેવા પરીબળોના આધારે તેમની સાથે ભેદભાવ નહીં રખાય.

## 2.6 આરોગ્ય અને સલામતી

1. સભ્યો લાગુ પડતા કાયદાઓ અને અન્ય સંબંધિત ઔદ્યોગિક ધોરણો મુજબ તમામ કર્મચારીઓને સલામત અને આરોગ્યપ્રદ કામની સ્થિતિ પુરી પાડશે. આ સ્થિતિઓમાં સમાવિષ્ટ છે:

[9] નૈતિક વ્યાવસાયિક પહેલ – મૂળભૂત સંહિતા :માંથી લખાણ ગ્રહણ કરવામાં આવ્યું

a. કામના સ્થળના જોખમોને, વ્યાજબી અમલ થઇ શકે તેટલા, ઓછામાં ઓછા ઘટાડવા

b. યોગ્ય સલામતી સાધનો અને ચલિત સાધનો સહિત કર્મચારીઓ અને બધા મશીનો વચ્ચે અંતર.

c. તમામ કેમીકલ્સ અને ક્લીનીંગ મટીરીયલ્સના પુરતા અને યોગ્ય લેવલીંગ અને સ્ટોરેજ.

d. હવાજન્ય રજકણો અને રસાયણિક ધુમાડા નીકળવા સામે કર્મચારીઓને રહેવાની પધ્ધતિ

e. યોગ્ય પર્સનલ પ્રોટેક્ટીવ ઇક્વીપમેન્ટ (PPE) ઓળખી કાઢવા અને વિનામુલ્યે પુરા પાડવા અને ચકાસવું કે તે ચાલુ છે, પહેરી શકાય તેમ છે અને વર્તમાનમાં વપરાય છે.

f. એવા કામના મથકો પુરા પાડવા કે જે સોંપેલ કામગીરી કરવા યોગ્ય રીતે રચાયા હોય, પુનરાવર્તન તાણ જેવા વ્યવસાયિક આરોગ્યના જોખમો ઓછામાં ઓછા કરે તેવા હોય છે.

g. પુરતો પ્રકાશ, હવા ઉજાસ અને હવાની ગુણવત્તા, સલામત અવાજના સ્તરો અને તાપમાન

h. નિયમિત રાબેતા મુજબનું ક્લીનીંગ, સલામત અને પહોંચ હોય તેવું પીવા લાયક પીવાનું પાણી પુરૂં પાડવું, અને અનાજના સ્ટોરેજ માટે સેનીટરી ફેસીલીટી અને સ્વચ્છ અને આરોગ્યપ્રદ ધોવાની અને ટોઇલેટની સગવડ નોકરીએ રાખેલ સ્ટાફની સંખ્યા અને નીતિના આધારે ગોઠવીને કામના સ્થળે હંમેશા પુરતી સ્વચ્છતા જાળવવી.

i. સ્થાનિક બાંધકામ નિયમો અનુસાર પુરતુ બાંધેલુ અને જાળવેલું કામનું સ્થળ પુરૂં પાડીને.

j. એ સુનિશ્ચિત કરવું કે સભ્યો દ્વારા કર્મચારીઓને જો સ્થળ ઉપર રહેણાક પુરૂં પાડવામાં આવે તો, આવા રહેઠાણ સલામતી, રીપેર અને સ્વચ્છતાના વ્યાજબી ધોરણો જળવાય, પુરતી અને યોગ્ય સેનીટેશનની, પીવાના પાણીની અને પુરતા પાણી પુરવઠાની સવલત પુરી પાડવામાં આવે.

2. સભ્યો જેઓ હીરા કટીંગ અને પોલીશીંગમાં રોકાયેલા છે તેઓ કોબાલ્ટ ફ્રી હીરા ઇમ્પ્રેગનેટેડ સ્કેફ્સનો ઉપયોગ કરશે.

3. સભ્યો કર્મચારીઓને યંત્રણા, જેવી કે સંયુક્ત આરોગ્ય અને સલામતી સમિતિ, પુરી પાડશે કે જેના દ્વારા તેઓ મેનેજમેન્ટ સાથે આરોગ્ય અને સલામતીના મુદ્દાઓ ઉભા કરી અને ચર્ચા કરી શકે.

4. સભ્યો કર્મચારીઓને ઉપલબ્ધ આરોગ્ય અને સલામતી અંગેની માહિતી સમજી શકાય તેવા સ્વરૂપમાં અને યોગ્ય ભાષામાં આપશે. જયાં તમામ જોખમી પદાર્થો ઉપયોગમાં છે ત્યાં મરીરીયલ સેફ્ટી ડેટા શીટ (અથવા તેના જેવી જરૂરી માહિતી) ની પહોંચ થઇ શકવી હોવી જોઇએ અને જોખમી પદાર્થોના ઉપયોગ સાથે સંલગ્ન જોખમો તેની સાથે કામ કરતા તમામ કર્મચારીઓને સ્પષ્ટપણે સંચારિત થવું જોઇએ.

5. સ્થળ ખાતે કામ સંબંધી પ્રવૃતિ અને કામગીરીની અવધિ દરખાસ્ત તેમાંથી ઉદ્ભવતા કે તેની સામે જોડાયેલા અકસ્માતો અને આરોગ્યને ઇજાઓ નિવારવા યોગ્ય પ્રક્રિયા હોવી જોઇએ.

6. સ્પષ્ટપણે નિશાની કરેલ પ્રાથમિક સારવારની જોગવાઇઓ સહિત સ્થળ ઉપર પુરતી આરોગ્ય અને તબીબી સવલતોને પહોંચ પુરી પાડવી જોઇએ, અને વધુ ગંભીર આરોગ્યની ચિંતા હોય તેમને સ્થાનિક હોસ્પિટલ અથવા તબિબી સવલત ઉપર લઇ જવા પરિવહન માટેની પ્રક્રિયા વિકસાવવી જોઇએ.

7. સભ્યો યોગ્ય એલાર્મ્સ, વોર્નીંગ ડીવાઇસ અને ફાયર સેફ્ટી મીકેનીઝમ સ્થાપશે. આમાં સમાવિષ્ટ છે ફાયર ફાયટીંગ સાધનો, સ્પષ્ટપણે માર્ક કરેલા અનલોક્ડ અને અનબ્લોક્ડ ઇમરજન્સી એક્ઝીટ અને એસ્કેપ રૂટ, અને તમામ ફેસીલીટીમાં ઇમરજન્સી લાઇટીંગ

8. સભ્યો તમામ વાજબી સંભવિત કટોકટી માટે કટોકટીની પ્રક્રિયા અને ખાલી કરવાનું આયોજન ગોઠવશે. સભ્યો એ બાબતની ખાતરી કરશે કે પ્રક્રિયાઓ અને આયોજનો પહોંચને પાત્ર છે અને સમગ્ર ફેસીલીટીમાં સ્પષ્ટપણે પ્રદર્શિત થાય છે, જળવાય છે, નિયમિતપણે ચકાસાઈ છે (ખાલી કરવાના મહાવરા કરવા સહિત) અને અવારનવાર અદ્યતન કરાય છે. માઇનીંગ ફેસીલીટીઓ સંભવિત અસરગ્રસ્ત સમુદાયો, કામદારો અને તેમના પ્રતિનિધિઓ અને સંબંધકર્તા એજન્સીઓ સાથે રહીને માઇનીંગ માટે અવેરનેસ એન્ડ પ્રિપેર્ડનેસ ફોર ઇમરજન્સીઝ એટ ધ લોકલ લેવલ (APELL) ઉપર UNEP દ્વારા અપાયેલ માર્ગદર્શન પ્રમાણે આકસ્મિક પ્રતિભાવ યોજના વિકાસાવશે અને જાળવશે.

9. સભ્યો તાલીમ પૂરી પાડશે જેથી કર્મચારીઓ આ બાબતો અંગે જાગૃત થાય. ચોક્કસ રોલ આધારિત આરોગ્ય અને સલામતી જોખમો અને ભય, અને આવા જોખમો સામે યોગ્ય રક્ષણ માટેની પધ્ધતિઓ, પીપીઇના યોગ્ય ઉપયોગ અને અકસ્માત કે કટોકટીની ઘટનામાં લેવાના યોગ્ય પગલા સહિત. તાલીમમાં સમાવિષ્ટ હશે નિયુક્ત થયેલ કર્મચારીઓના પ્રતિનિધિઓને પ્રાથમિક સારવારની તાલીમ અને તમામ કર્મચારીઓ માટે ફાયર સેફટી અને ઇમરજન્સી પ્રોસીજર. લેવાયેલી તાલીમની નોંધ રહેવી જોઇએ અને નવા અને પુનઃ નિયુક્ત કર્મચારીઓ માટે તે પુનરાવર્તિત થવી જોઇએ.

10. સભ્યો એ સુનિશ્ચિત કરશે કે ગંભીર આરોગ્ય અને સલામતીની ઘટનાઓ, તેમજ આવી ઘટનાઓમાંથી વ્યવસાયના પ્રતિભાવો અને પરિણામો, તપાસના પરિણામો સાથે ઔપચારિક રીતે દસ્તાવેજીકરણ અને તપાસ થાય જે નિયમિત આરોગ્ય અને સલામતી સમીક્ષાઓ અને સુધારણા યોજનાઓમાં ગણતરીમાં લેવાય.

11. સભ્યોએ એ સુનિશ્ચિત કરવું જોઇએ કે કર્મચારીઓ અને કોન્ટ્રેક્ટરો એ સમજે કે નિરંકુશ જોખમો હોય તેવી સ્થિતિમાં કામ કરવાનું બંધ કરવા કે ઇનકાર કરવાનો તેમને અધિકાર અને જવાબદારી છે અને જે લોકો તાત્કાલિક જોખમમાં હોય તેમને અને મેનેજમેન્ટના ધ્યાનમાં તાત્કાલીક આ પરિસ્થિતિ મુકવાનો અધિકાર અને જવાબદારી છે.

૧૨. સભ્યો દ્વારા અંતિમ ગ્રાહકને વેચવામાં આવેલ હીરા કે સોનાની જ્વેલરીના પ્રોડક્ટો એ પ્રોડક્ટ આરોગ્ય અને સલામતી માટેના લાગુ પડતા નિયમોની પૂર્તતા કરતા હોવા જોઇએ.

## 2.7 શિસ્ત અને ફરીયાદની પ્રક્રિયા

1. સભ્યો કોઇપણ સંજોગોમાં શારીરિક શિક્ષાનો ઉપયોગ નહીં કરે અને સુનિશ્ચિત કરશે કે સભ્યો કડક કે ઉતારી પાડતા વહેવાર, જાતિય કે શારીરિક સતામણી, માનસિક, શારીરિક કે શાબ્દિક ગાળો, દબાણ કે હેરાનગતિનો કોઇપણ સંજોગોમાં ઉપયોગ નહીં કરે.

2. સભ્યો સ્પષ્ટપણે વ્યવસાયની શિસ્તની પ્રક્રિયા અને યોગ્ય શિસ્ત કાર્યપ્રણાલિ અને કર્મચારી વહેવાર ઉપરના સંબંધિત ધોરણો સંચારિત કરશે અને તમામ મેનેજમેન્ટ અને સ્ટાફને સમાન રીતે લાગુ કરશે.

3. સભ્યો ફરીયાદની કાર્યપ્રણાલિ અને તપાસની કાર્યપ્રણાલિ સ્પષ્ટપણે પુરી પાડશે અને તમામ કર્મચારીઓને આની સ્પષ્ટપણે સમજ આપશે. કર્મચારીઓની ફરીયાદોનો રેકર્ડઝ ઉભો કરાશે, તપાસની કાર્યપ્રણાલિ અને પરિણામો જાળવવામાં આવશે.

## 2.8 કામના કલાકો

1. સભ્યો સામાન્ય કામના કલાકો લાગુ પાડશે જે લાગુ પડતા કાયદાઓ સાથે સુસંગત હોય. જ્યાં કોઇ ચોક્કસ કાયદા કે નિયમનો ન હોય, કામના કલાકો, નિયમિત ધોરણે ILO કન્વેન્શન 1 મુજબ દર કામના સપ્તાહ દરમિયાન 48 કલાકથી વધશે નહીં. જ્યાં આ મર્યાદા ખાસ સંજોગોમાં (દાખલા તરીકે ફલાય-ઇન, ફલાય-આઉટ સાઇટ) વધારવાની જરૂર પડે તો તે લાગુ પડતા કાયદાઓ સાથે સુસંગત હોવી જોઇએ અને એવી રીતે આયોજીત કરવી જોઇએ કે જેથી સલામત અને માનવતાભરી કામની સ્થિતિ જળવાય.

2. જો વ્યાપારી જરૂરિયાતને કારણે ઓવરટાઇમની જરૂરત પડે તો સભ્યો પોતાના કર્મચારીઓને લાગુ પડતા કાયદાઓ મુજબ ઓવરટાઇમનું વળતર આપશે. ઓવરટાઇમ સ્વૈચ્છિક હશે અને ખાસ સંજોગો સિવાય (દાખલા તરીકે ફલાય-ઇન, ફલાય-આઉટ સાઇટ) સપ્તાહના વધુમાં વધુ 12 કલાક સુધી મર્યાદિત હશે.

3. સભ્યો કામદારોને મેટર્નીટી અને પેટર્નીટી (ગર્ભાવસ્થા અને પિતૃત્વ), કમ્પેશનેટ (વળતર) અને પેઇડ એન્યુઅલ લીવ (પગાર સાથેની વાર્ષિક રજા) સહિત તમામ કાયદેસર ફરજીયાત રજાઓ આપશે. જ્યાં લાગુ પડતા કાનૂનો ન હોય, પેઇડ એન્યુઅલ લીવ ILO કન્વેન્શન 132 મુજબ આપવામાં આવશે.

4. સભ્યો તમામ કર્મચારીઓને ILO કન્વેન્શન 14 મુજબ સતત કામના સાત દિવસોમાં ઓછામાં ઓછો એક વિરામનો દિવસ આપશે. જ્યાં આ મર્યાદા ખાસ સંજોગોમાં (દાખલા તરીકે ફલાય-ઇન, ફલાય-આઉટ સાઇટસ) વધારવાની જરૂરત પડે તો તે લાગુ પડતા કાયદાઓને સુસંગત હશે. અથવા જ્યાં સુધી ચોક્કસ કાયદાઓ ન હોય, પ્રવર્તમાન ઔદ્યોગિક ધોરણો અનુસાર હશે. આ તમામ વિસ્તરણ એવી રીતે આયોજીત થવા જોઇએ કે જેથી સલામત અને માનવતાભરી કામની સ્થિતિ પુરી પાડવામાં આવે.

## 2.9 વેતન

1. સભ્યો દરેક કર્મચારીઓને લાગુ પડતા કાયદેસર લઘુત્તમ વેતન ઉપરાંત સાથે જોડાયેલા વૈધાનિક લાભો અથવા પ્રવર્તમાન ઔદ્યોગિક ધોરણોમાં જે ઉંચુ હોય તે મુજબ વેતન ચુકવશે.

2. સભ્યો કર્મચારીઓને નિયમિત અને અગાઉથી નક્કી કરેલા ધોરણે ચુકવણું કરશે.

3. સભ્યો બેંક ટ્રાન્સફર કે રોકડ કે ચેકના સ્વરૂપમાં કર્મચારીઓને અનુકુળ રીતે અને સ્થળે ચૂકવણુ ચુકવશે.

4. સભ્યો તમામ પેમેન્ટની સાથે પગારની સ્લીપ આપશે કે જેમાં સ્પષ્ટપણે પગારના દર, લાભો અને લાગુ પડે ત્યાં કપાતની વિગતો હશે.

5. સભ્યો બાકીની તમામ પ્રક્રિયાને અનુસર્યા વિના વેતનમાંથી કોઇ કપાત નહીં કરી શકે.

6. સભ્યો કર્મચારીને સભ્યના પોતાના વ્યવસાય કે સ્થળ ઉપરથી કરિયાણું ખરીદવા દબાણ નહીં કરે.

## 2.10 સામાન્ય રોજગારીની શરતો

1. નિયમિત રોજગારી સંબંધોમાંથી ઉભા થતા કામદાર કે સામાજીક સલામતીને લગતા લાગુ પડતા કાનૂનો હેઠળ કર્મચારી તરફની ફરજોને માત્ર મજુરોના કોન્ટ્રેક્ટ, પેટા-કોન્ટ્રેક્ટ, કે ઘેર કામ કરવાની વ્યવસ્થાને એપ્રેન્ટીસશીપ યોજના દ્વારા કામ કરાવવું કે જ્યાં ખરા હેતુ કૌશલ્ય પ્રાપ્ત કરવાના કે નિયમિત રોજગારી આપવાના છે, કે રોજગારીની ફિક્સ્ડ-ટર્મ કોન્ટ્રેક્ટરના વધારાના ઉપયોગ દ્વારા નિવારવામાં નહીં આવે.

2. સભ્યો યોગ્ય કર્મચારી રેકર્ડઝ જાળવશે જેમાં સમાવિષ્ટ છે તમામ નોકરીએ રખાયેલ સ્ટાફ પછી તે ફુલટાઇમ, પાર્ટટાઇમ કે સીઝનલ ધોરણે રખાયો હોય તેનો પીસ રેઇટ અને વેતનની ચૂકવણી તથા કામના કલાકોની વિગત.

## 2.11 સામુદાયિક સામેલગીરી અને વિકાસ

1. સભ્યો સમુદાયની પહેલના આધારે તેઓ જ્યાં કામ કરે છે તે સમુદાયના વિકાસને આધાર આપશે.

2. માઇનીંગ સવલતવાળા સભ્યોની પાસે વહેલામાં વહેલી ઉત્ખનન પ્રવૃત્તિઓ, માઇનીંગ શરૂ થયા પહેલાનું બાંધકામ, માઇનીંગ કામગીરી દરમ્યાન બંધ થવા અને બંધ થવા પછીના અનુસરણથી સમગ્ર પ્રોજેક્ટના આયુષ્યકાળ દરમ્યાન અસરકર્તા સમુદાયો અને હિત ધરાવનારાઓ સાથે વહેલી અને ચાલી આવતી સામેલગીરી માટે યોગ્ય કૌશલ્ય સંશાધનો અને વ્યવસ્થા હોવી જોઇએ. પ્રોજેક્ટના આયુષ્યકાળમાં મોટા માઇનીંગ નિર્ણયોમાં અસરકર્તા સમુદાયોના હિત અને વિકાસની આકાંક્ષાઓ

ગણતરીમાં લેવી જોઇએ અને દરખાસ્ત માટે સમુદાયનો વ્યાપક ટેકો હોવો જોઇએ. સામેલગીરી સમાવિષ્ટ, સમાન, સાંસ્કૃતિક રીતે સુયોગ્ય અને સાચી-સુસંગત રીતે હોવી જોઇએ.

3. માઇનીંગ સવલતવાળા સભ્યો બિનસ્વૈચ્છિક પુનઃ સ્થાપનને ટાળશે કે ઓછામાં ઓછું થવા દેશે. જ્યાં પુન:સ્થાપન અનિવાર્ય છે, તેનો અમલ ઇન્ટરનેશનલ ફાયનાન્સ કોર્પોરેશન (IFC) પર્ફોમન્સ સ્ટાન્ડર્ડ 5 સાથે સુસંગત રીતે થવો જોઇએ.

4. માઇનીંગ સવલતવાળા સભ્યોએ એ સુનિશ્ચિત કરવું જોઇએ કે અસરગ્રસ્ત સમુદાયોને કામગીરીના સ્તરે વિવાદો ઉપસ્થિત કરવા અને ઉકેલવા માટે સાચો-સુસંગત ફરીયાદ અને તકલીફની વ્યવસ્થાની સવલત મળી રહે છે અને સ્પષ્ટપણે અસરગ્રસ્ત સમુદાયને વર્ણવવું જોઇએ. ઉભી કરાયેલી ફરીયાદો, તપાસની કાર્યપ્રણાલિ અને પરિણામોના રેકર્ડને જાળવવામાં આવશે.

## 2.12 સિક્યોરીટીના માણસોનો ઉપયોગ

1. સભ્યો એ સુનિશ્ચિંત કરશે કે તેઓ સિક્યોરીટીના માણસોનો તો જ ઉપયોગ કરશે કે જોખમને હલ કરવા માટે અથવા તો કર્મચારીઓ, કોન્ટ્રેક્ટરો અને સવલતની મુલાકાતે આવેલા લોકોની વ્યકિતગત સલામતીની ખાત્રી માટે બીજો કોઇ વિકલ્પ નથી.

2. સભ્યો એ સુનિશ્ચિત કરશે કે સિક્યોરીટીના માણસો તમામ વ્યકિતઓના માનવ અધિકારો અને ગૌરવને માન આપે અને ભય સામે ઓછામાં ઓછું સપ્રમાણ બળ વાપરે.

3. માઇનીંગ સવલત સાથેના સભ્યો એ સુનિશ્ચિત કરશે કે જોખમની આકારણી કરવામાં આવે અને સિક્યોરીટીના માણસોને વોલન્ટરી સિદ્ધાંતો ઓન સિક્યોરીટી એન્ડ હ્યુમન રાઇટ્સ (2000) સાથે તાલીમ મળે અને તે મુજબ કામ કરે.

## 2.13 સ્થાનિક લોકો

1. માઇનીંગ સવલતો સ્થાનિક લોકોના અધિકારોને લાગુ પડતા પ્રાંતિય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદાઓમાં વર્ણવેલા અને વ્યાખ્યા કરેલ અધિકારીને અને જમીન અને પાણી સાથેના તેમના જોડાણો સહિત તેમના સામાજીક સાંસ્કૃતિક, પર્યાવરણીય અને આર્થિક હિતોનું માન જાળવશે.

2. માઇનીંગ સવલતો અસરકર્તા સ્થાનિક લોકોને વિસ્તૃત પાયે ટેકો મેળવવા અને આ ટેકાનું દસ્તાવેજીકરણ કરશે, લાભો પુરા પાડવા અને અસરો ઘટાડવા માટે ભાગીદારી અને/અથવા કાર્યક્રમો સહિત.

## 2.14 કસબ અને નાના પાયે માઇનીંગ

1. સભ્યો, જ્યાં તેમના કામગીરીના વિસ્તારમાં ઉદ્ભવે ત્યાં કસબ અને નાના-પાયાના માઇનીંગ (ASM) ના વ્યવસાયકરણ અને ઔપચારિકતા સમર્થ કરવા બહુવિધ હિત ધરાવનારાની પહેલો સહિત પહેલોમાં યોગ્ય હોય તે રીતે માઇનીંગ સવલતો સાથે સહભાગી થશે.

2. જયાં ASM માઇનીંગ સવલત ઉપર કે આસપાસ કાર્ય કરે છે, ત્યાં સભ્યો તેમના સોશ્યલ એન્ડ એનવાયરમેન્ટલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ અને સમુદાય સામેલગીરી પ્રક્રિયાના ભાગરૂપે તેમની સાથે સીધા જોડાશે.

## 3 પર્યાવરણીય કામગીરી

### 3.1 પર્યાવરણીય સુરક્ષા

1. સભ્યો જ્યારે જ્યારે યોગ્ય લાગે ત્યારે ત્યારે તેના કામકાજના વ્યવહારોની નુકશાનકારક પર્યાવરણીય અસરોને ઓછી કરવા માટે નિયંત્રણ અને કામકાજની પધ્ધતિઓ દાખલ કરશે.

### 3.2 જોખમી પદાર્થો

1. જીવંત સજીવન રચનાઓ, પર્યાવરણીય સાતત્ય, જૈવસંચયની સંભાવના કે ઓઝોન સ્તરના ખાલી થવાની પ્રક્રિયા માટેની સંભાવનાની બાબતે ઉંચી વિષકારકતાના કારણે આંતરરાષ્ટ્રીય પ્રતિબંધોને આધિન રસાયણો અને જોખમી પદાર્થોનો સભ્યો વેપાર અને/અથવા ઉપયોગ કરશે નહી કે તેનું ઉત્પાદન કરશે નહીં.
2. જ્યાં જ્યાં ટેકનિકલ રીતે અને આર્થિક રીતે નભાવી શકાય તેમ હોય ત્યાં ત્યાં સભ્યો ઉત્પાદન પ્રક્રિયાઓમાં ઉપયોગમાં લેવાતા અન્ય જોખમી પદાર્થો માટેના વિકલ્પો કામમાં લેશે.
3. સોનાની પુનઃ પ્રાપ્તિમાં સાયનાઈડનો ઉપયોગ કરતી ખાણકામની સગવડો સાથેના બધા જ સભ્યો આંતરરાષ્ટ્રીય સાયનાઈડ વ્યવસ્થાપનની સંહિતાનું પાલન કરશે અને એ વાતની ખાતરી કરશે કે RJCમાં જોડાવાની તારીખથી ૩ વર્ષોની અંદર લાગુ પડતા કાર્યસ્થળોને આંતરરાષ્ટ્રીય સાયનાઈડ વ્યવસ્થાપનના નિયમ મુજબ પ્રમાણીત કરવામાં આવે.

### 3.3 નકામા પદાર્થો અને સ્ત્રાવ

1. લાગુ પડતા કાયદા સાથે સુસંગત બને તે રીતે સભ્યો નકામા પદાર્થોનો નિકાલ કરશે. જ્યાં લાગુ પડતા કાયદા અસ્તિત્વ ધરાવતા ન હોય ત્યાં પ્રવર્તમાન આંતરરાષ્ટ્રીય ધોરણો સ્વીકારવામાં આવશે.
2. ઘટાડો કરવો, પુનઃ પ્રાપ્ત કરવો, પુનઃ ઉપયોગ કરવો અને રિસાયકલ કરવા જેવા સિધ્ધાંતો દ્વારા તેમની કામગીરીઓમાંથી ઉત્પન્ન થતાં નકામા કચરાની માત્રા ઘટાડવા માટે સભ્યો પગલાઓ લેશે. બધા જ નકામા પદાર્થનું જવાબદારીપૂર્વક વ્યવસ્થાપન કરવામાં આવશે અને કચરાનો નિકાલ અંગે નિર્ણય કરતી પ્રક્રિયામાં પર્યાવરણ સંબંધિત વિચારણાઓ અને ખર્ચ અંગેની ગણનાઓને ધ્યાનમાં લેવામાં આવશે.
3. સભ્યો ઉત્પાદન ઉપજ સાથે સંબંધિત હવા, પાણી અને જમીનના સ્ત્રાવોને ઘટાડવા માટેનો પ્રયત્ન કરશે.
4. ખાણકામની સગવડો સાથેના સભ્યો:
   a. ટેઈલિંગ્સ સુવિધાઓની રચના કરશે, નિભાવશે અને દેખરેખ રાખશે અને માળખાકીય સ્થિરતાની ખાતરી કરવા અને આસપાસના પર્યાવરણ અને સ્થાનિક સમુદાયોની સુરક્ષા માટે નકામા ખડકની સુવિધાઓની રચના, માળખુ બનાવશે, જાળવશે અને દેખરેખ રાખશે.

b. નવી સવલતો ઉપર રીવરાઈન ટેઈલિંગ્સ (નદીના બાકીના અવશેષોના) નિકાલનો ઉપયોગ કરશે નહીં. કોઈપણ માઈનિંગ કે ખાણકામની સગવડો કે જે હાલમાં રીવરાઈન ટેઈલિંગ્સ નિકાલનો ઉપયોગ કરે છે તેનો સભ્યોના RJC પ્રમાણીકરણમાં સમાવેશ કરી શકાતો નથી. આ સવલતોને પ્રમાણીકરણમાંથી બાદ કરવામાં આવશે પરંતુ બધી જ અન્ય સંબંધિત COPની જોગવાઈઓ લાગુ પડે છે.

c. જમીન સ્થિત ખાણકામની સગવડો માટે સબમરીન ટેઈલિંગ્સ નિકાલનો ઉપયોગ કરશે નહીં. સિવાય કે:

- વિકલ્પોનું એક સંપુર્ણ પર્યાવરણીય અને સામાજીક વિશ્લેષણ હાથ ધરવામાં આવ્યું હોય કે જે દેખાડતુ હોય કે સબમરીન ટેઈલિંગ્સ નિકાલ જમીન આધારિત ટેઈલિંગ્સ સગવડ કરતા ઓછી પર્યાવરણીય અને સામાજીક અસરો અને જોખમો ઉત્પન્ન કરે છે.
- તે બાબત વૈજ્ઞાનિક રીતે દર્શાવી શકાય કે કિનારાના સંશાધનો ઉપર નોંધપાત્ર વિપરીત કે ઉલટી અસર પરિણમતી નથી અને
- સપાટીના થર્મોક્લાઈન અને યુફ્રોટીક વિભાગ નીચે દરીયાના પાણીમાં ટેઈલિંગ્સને છોડવામાં આવે.

d. એસિડ ખડકના પાણી નિકાલ અને ધાતુના લિંચીંગમાંથી ઉદભવતી સંભવિત અસરોને ઓળખવા અને તેનું નિયમન કરવા માટે ખાણકામના નકામા પદાર્થોની ભૌતિક અને ભુ-રાસાયણિક લાક્ષણિકતાઓનો અમલ કરશે.

### 3.4 ઉર્જા અને કુદરતી સંશાધનોનો ઉપયોગ:

1. સભ્યો પાણી અને ઉર્જા સહિતના, પણ તેના સુધી મર્યાદિત નહી, કુદરતી સંશાધનોના વપરાશની બાબતમાં તેમના કામકાજના વ્યવહારોની કાર્યક્ષમતાને નિશ્ચિત કરવા પ્રયત્ન કરશે.
2. જ્યાં માણસો, માલસામાન અને સામગ્રીઓની હેરફેર કે તેમનું પરિવહન એ એક નોંધપાત્ર કામકાજની અસર હોય ત્યાં સભ્યો એવા વ્યવહારો શોધી કાઢવા માટેનો અને તેનો અમલ કરવાનો પ્રયત્ન કરશે કે જે અશ્મિભૂત બળતણોના ઉપયોગને અને વાહન-વ્યવહારમાંથી થતાં સંબંધિત ગ્રીન હાઉસ ગેસ પ્રસરણમાં ઘટાડો કરશે.

### 3.5 જૈવવૈવિધ્યતા

1. ખાણકામની સગવડો સાથેના સભ્યો વિશ્વ વારસાના સ્થળોમાં સંશોધન કે ખાણકામ કરશે નહીં અને એ વાતની ખાતરી કરશે કે તેમની પ્રવૃતિઓ નજીકમાં આવેલા વિશ્વ વારસાના સ્થળો ઉપર પ્રત્યક્ષ રીતે નકારાત્મક રીતની અસર કરતી નથી.
2. ખાણકામની સગવડો સાથેના સભ્યો એ વાતની ખાતરી દ્વારા કાયદેસરના સુચિત રક્ષિત વિસ્તારોનો આદર કરશે કે:

a. સભ્યો નજીકમા આવેલા કાયદેસરના સુચિત રક્ષિત વિસ્તારોને શોધી કાઢવા માટેની એક પ્રક્રિયા ધરાવે છે.

b. સભ્યો આ વિસ્તારોને લાગુ પડાયેલ કોઈપણ નિયમનો, સમજૂતીઓ કે વચનોનું પાલન કરે છે.

c. સંશોધન, વિકાસ, કામગીરી અને પૂર્ણાહૂતિની પ્રવૃતિઓના નિર્ણય કાયદેસર રીતે સૂચિત કરાયેલ રક્ષિત વિસ્તારોની હાજરી, તેની ઉપરના પ્રભાવને ધ્યાનમાં લે છે.

3. ખાણકામની સગવડો સાથેના સભ્યો તેમના કામકાજની સીમાઓની અંદર મહત્વના જૈવવિવિધતાના વિસ્તારોને શોધી કાઢશે અને જૈવવિવિધતા ઉપરના પ્રભાવોની માત્રા સાથે અનુરૂપ માપી શકાય તેવા જૈવવિવિધતાના ફાયદાઓ પુરા પાડવા માટેના કાર્ય આયોજનોનો અમલ કરશે.

4. ખાણકામની સુવિધા સાથેના સભ્યો નાબૂદી કે વિલીનતાના ભય તરીકે ICUN દ્વારા નોંધાયેલી જાતિઓના વિલોપન કે નાબૂદી તરફ દોરી જતી હોય અથવા તેવી સંભાવના ધરાવતી હોય તેવી પ્રવૃતિ સભ્યો હાથ ઉપર લેશે કે શરૂ કરશે નહીં.

5. ખાણકામની સવલતો કે સાધનો દ્વારા ધારણ કરાયેલ કે અવ્યસ્થિત કે અવરોધ પામેલ જમીનનું સારા વ્યવહારની ટેકનિક દ્વારા પુનર્વસન કરવામાં આવશે. પુનર્વસનનો હેતુ ટકાવી શકાય તેવી સ્થાનિક જૈવપર્યાવરણ વ્યવસ્થાની રચના કરવાનો અથવા ખાણકામની પુર્ણાહૂતિના આયોજનની પ્રક્રિયામાં મહત્વના હિતધારકો સાથેની સામેલગીરી દ્વારા વિકસાવાયેલ ખાણકામ પછીનો જમીનનો અન્ય ઉપયોગ સ્થાપવાનો હોવો જોઈએ.

## 4 વ્યવસ્થાપનના વ્યવહારો

### 4.1 કાનુની સૂચનાપાલન

1. સભ્યો લાગુ પડતા કાયદાથી માહિતગાર હશે અને તેનું પાલન કરશે.

### 4.2 નીતિ

1. સભ્યોએ એવી એક નીતિને ગ્રહણ કરવી જરૂરી છે કે જેને વરિષ્ઠ વ્યવસ્થાપન દ્વારા માન્ય કરવામાં આવે, જે વ્યવહારોની આ આચારસંહિતાની પ્રાપ્તિનું સમર્થન કરે અને જે નીતિને સાર્વજનિક રીતે ઉપલબ્ધ બનાવે.

### 4.3 ધંધાકીય સાથીઓ - કોન્ટ્રેક્ટરો, ગ્રાહકો, સપ્લાયરો અને ભાગીદારો

1. સભ્યો ધંધાકીય નીતિઓ, માનવ અધિકારો, સોનું અને હીરા ઝવેરાતની પુરવઠા શ્રૃંખલામાં રહેલા મહત્વના ધંધાકીય સાથીઓના સામાજીક અને પર્યાવરણીય કામકાજના વ્યવહારો સાથે સંબંધિત જોખમો ઉપર વિચાર કરશે કે જે જોખમો આવા ધંધાકીય સંબંધોમાંથી ઉદભવતા સભ્યોના પોતાના વ્યવહારોને પ્રભાવિત કરવાની સંભાવના ધરાવે છે. આ જોખમ માપણી ઉપર આધારિત તેમના વ્યવસાયિક સાથીઓમાં જવાબદાર ધંધાકીય વ્યવહારોને પ્રભાવિત કરવાની, પ્રોત્સાહીત કરવાની તેમની ક્ષમતાને અનુરૂપ સભ્યો તેમના ઉત્તમ પ્રયત્નોનો ઉપયોગ કરશે.
2. સભ્યોની સવલતો એટલે કે સગવડો ઉપર કામ કરતા કોન્ટ્રેક્ટરો અને આ સવલતોની મુલાકાત લેતા મુલાકાતીઓએ વ્યવહારોની આચારસંહિતા સાથે સુસંગત સભ્યની વ્યવસ્થાપન અને કાર્યકારી વ્યવસ્થાઓનું પાલન કરવાનું રહેશે.

### 4.4 પ્રભાવ માપન

1. પર્યાવરણીય અને સામાજીક પ્રભાવ માપન, અને સંબંધિત પર્યાવરણીય અને સામાજીક વ્યવસ્થાપનના આયોજનો શોધકામ અને નવી માઈનિંગ સવલતોમાં રહેલા અથવા હાલની સવલતોમાં રહેલા કામકાજોમાં નોંધપાત્ર ફેરફાર માટેની વિગતોનું માપન પૂર્ણ કરવા માટે માઈનિંગ સવલતો સાથેના સભ્યો અસરગ્રસ્ત સમુદાયો અને હિસ્સેદારો સાથે જોડાશે કે કામમાં ભાગ લેશે. સામાજીક અસર માપનો અને વ્યવસ્થાપન આયોજનોમાં માનવ અધિકારો, જાતિ અને સંઘર્ષનો સમાવેશ કરવો જોઈએ.

### 4.5 ખાણકામ બંધ કરવાનું આયોજન

1. માઈનિંગ સવલતો સાથેના સભ્યો દરેક માઈનિંગ સવલતના સંબંધમાં ખાણકામ બંધ કરવાના આયોજનની તૈયારી કરશે અને નિયમિત રીતે તેની સમીક્ષા કરશે અને પૂર્ણાહૂતિ અને પુનર્વસનની

જરૂરિયાતોને પહોંચી વળવા માટેના નાણાકીય સંશાધનો સહીતના પુરતા સંશાધનો ઉપલબ્ધ છે કે નહીં તેની ખાતરી કરશે. નવી સવલતોને પ્રારંભથી એક પૂર્ણાહૂતિ આયોજનની જરૂર પડે છે અને હાલની સવલતોને જેટલું શક્ય બને તેટલું વહેલું એક સઘન આયોજન અમલમાં મુકવાની જરૂર પડે છે.

2. માઇનિંગ સવલતો ધરાવતા સભ્યો ખાણકામ પૂર્ણાહૂતિ અને પુનર્વસન આયોજનોની બાબતમાં સ્થાનિક લોકો, સમુદાયો, ASM કર્મચારીઓ અને નિયમનકારો સહીત દરેક ખાણકામ સવલતના સંબંધમાં સ્થાનિક હિસ્સેદારો સાથે નિયમિત રીતે કામકાજમાં જોડાશે.

### 4.6 સાતત્યક્ષમતાની જાણકારી આપવી

1. માઈનિંગ સવલતો ધરાવતા સભ્યો ગ્લોબલ રિપોર્ટીંગ ઈનીશીએટીવ (GRI) અને GRI માઈનિંગ અને મેટલ સેક્ટર સપ્લીમેન્ટનો ઉપયોગ કરીને તેમની સાતત્યક્ષમ કામગીરી ઉપર વાર્ષિક રીતે જાણકારી કે અહેવાલ આપશે. અહેવાલો GRI દ્વારા વર્ણવ્યા મુજબની બાહ્ય ખાતરીઓ ધરાવતા હોવા જોઈએ.

## 5 શબ્દકોશ

RJC વ્યવસ્થા દસ્તાવેજોમાં ઉપયોગમાં લેવાયેલ શબ્દો અને મૂળાક્ષરો માટે નીચેના પારિભાષિક શબ્દોની યાદી જોઈ લેવા વિનંતી.

| | |
|---|---|
| એક્રેડીટેશન | ચકાસણી મુલ્યાંકનોનો અમલ કરવાની અને ધોરણ સામે સુસંગતતાનું મુલ્યાંકન કરવાની ઓડીટરની ક્ષમતા કે અધિકારની માન્યતા. |
| AML | એન્ટિ મની લોન્ડરીંગ |
| APELL | અવેરનેસ એન્ડ પ્રિપેર્ડનેસ ફોર ઈમરજન્સીસ એટ ધ લોકલ લેવલ (સ્થાનિક કક્ષાએ કટોકટીઓ માટેની સભાનતા અને તૈયારી) |
| લાગુ પડતો કાયદો | જેમાં સભ્ય કામ કરે છે તે દેશ કે દેશોના મહત્વના રાષ્ટ્રીય અને/અથવા રાજય અને/અથવા સ્થાનિક કાયદાઓ. |
| ASM | આર્ટીસનલ એન્ડ સ્મોલ સ્કેલ માઈનીંગ. |
| મૂલ્યાંકન મેન્યુઅલ | સ્વ-મૂલ્યાંકનો અને ચકાસણી મૂલ્યાંકનોનો અમલ કેવી રીતે કરવો તેના ઉપરની સભ્યો અને ઓડીટરો માટેની સૂચનાઓ |
| મૂલ્યાંકન પ્રશ્નો | વ્યવહારોની આચારસંહિતા અને તેની જોગવાઈઓ સામે સભ્યની કામગીરીનું મૂલ્યાંકન કરવામાટે તૈયાર કરવામાં આવેલ પ્રશ્નોની જોડ કે સમૂહ. સભ્યો અને ઓડીટરો એકસરખા મૂલ્યાંકન પ્રશ્નોનો ઉપયોગ કરે છે. |
| મુલ્યાંકન સાધનો | સ્વ મૂલ્યાંકન કે ચકાસણીનો અમલ કરવા માટે જરૂરી માર્ગદર્શન જે પુરૂ પાડે છે અને/અથવા તે માટે જરૂરી માહિતી અને પુરાવા જે નોંધે છે તે દસ્તાવેજો કે સોફ્ટવેર. |
| મૂલ્યાંકનકાર | સ્વ-મૂલ્યાંકન હાથ ધરવા માટે સભ્ય દ્વારા નિમવામાં આવેલ કર્મચારી(ઓ) કે વ્યક્તિ(ઓ). |
| ઓડીટર | એક સ્વતંત્ર, ત્રીજા પક્ષની વ્યક્તિ અથવા ચકાસણીનો અમલ કરવા માટે RJCના હેતુ પસંદગી માપદંડોનું પાલન કરતી અને માન્ય કરાયેલ સંસ્થા. |
| જૈવવિવિધતા | વધારાની જીવરચના, જમીની, દરીયાઈ અને અન્ય પ્રવાહી જીવવ્યવસ્થાઓ અને જૈવપર્યાવરણ સંબંધિત સંકુલો કે જેના તેઓ ભાગ છે, તે સહીતના બધા જ સ્ત્રોતોમાંથી જીવંત સજીવ રચનાઓમાં |

| | |
|---|---|
| | રહેલી પરિવર્તન ક્ષમતા: આ બાબતમાં જાતિઓની અંદર, જાતિઓ વચ્ચે અને જૈવપર્યાવરણ વ્યવસ્થાઓની વિવિધતાનો સમાવેશ થાય છે. |
| લાંચ | નીચેની વ્યક્તિઓ પાસેથી અથવા તેમને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈપણ અયોગ્ય લાભ રજૂ કરવો, વચન આપવું કે આપવો તેમજ તેની માંગ કરવી કે સ્વીકાર કરવો:<br>• જાહેર કર્મચારી<br>• રાજકીય ઉમેદવાર, પક્ષ કે હોદેદાર: અથવા.<br>• કોઈપણ ખાનગી ક્ષેત્રના કર્મચારી (કોઈપણ ક્ષમતામાં ખાનગી ક્ષેત્રના ઉપક્રમ માટે જે આદેશ કરતી હોય કે કામ કરતી હોય તેવી કોઈપણ વ્યક્તિ સહિત). |
| ધંધાકીય નૈતિક મૂલ્યો | વ્યવસાયો અને સમાજ વચ્ચે અસ્તિત્વ ધરાવતા નૈતિક હકકો અને ફરજો. |
| ધંધાકીય સાથીઓ | એક સંસ્થા અથવા વ્યવસાય સંસ્થા કે જેની સાથે સંસ્થાને પ્રત્યક્ષ ધંધાકીય સંબંધો હોય (અંતિમ ગ્રાહકોને બાદ કરીને પરંતુ કોન્ટ્રેક્ટરો, ગ્રાહકો, સપ્લાયરો અને સંયુકત સાહસના ભાગીદારોનો સમાવેશ કરીને) અને જે હીરા અને સોનાના આભૂષણ ઉત્પાદનોના નિષ્કર્ષણ, ઉત્પાદન કે વેંચાણને પ્રત્યક્ષ રીતે યોગદાન આપતા હોય તેવા ઉત્પાદન કે સેવાની ખરીદી અને/અથવા વેંચાણ કરે છે.<br><br>શંકાના નિવારણ માટે આ મુદો કે બાબત એવી સંસ્થાઓ કે જે સહાયક ઉત્પાદનો અને સેવાઓ પુરી પાડે છે તેવી સંસ્થાઓ કે વ્યક્તિઓનો સમાવેશ કરતી નથી, ઉદા. તરીકે ઉપકરણ, ઓફીસની ચીજો અને ઉપયોગી સગવડો. વળી તે બેટરીઓ, સ્પ્રિંગો અને તેને મળતી આવતી વસ્તુઓ જેવી હીરા અને સોનાની પુરવઠા સાકળનો ભાગ ન હોય તેવા અલગ ઘટકો પુરી પાડતી સંસ્થાઓનો પણ સમાવેશ કરતી નથી. |
| પ્રમાણીકરણ | માન્ય કરાયેલ કે અધિકૃત ઓડીટર દ્વારા ચકાસણી મૂલ્યાંકનના પરીણામો ઉપર આધારિત RJC દ્વારા એવું પ્રમાણીકરણ કે સભ્યે વ્યવહારોની આચાર સંહિતા સામે સુસંગતતાની જરૂરી કક્ષા પ્રાપ્ત કરેલ છે. |
| પ્રમાણીકરણ સમયગાળો | સમયનો એવો ગાળો કે જે દરમિયાન પ્રમાણીકરણ માન્ય રહે છે, જે સમય બાદ એક નવી ચકાસણી મૂલ્યાંકન દ્વારા પ્રમાણીકરણને રીન્યુ |

| | |
|---|---|
| | કરવું જરૂરી બને છે. ચકાસણી મૂલ્યાંકનના તારણોના આધારે પ્રમાણીકરણ સમયગાળાઓ એક વર્ષ અથવા ત્રણ વર્ષોના સમયાવધિ માટેના હોય છે. |
| પ્રમાણીકરણ ભલામણ અને ટૂકી નોંધ અહેવાલ | વ્યવહારોની આચારસંહિતા સામે સભ્યની સમગ્રતયા કામગીરી ઉપર RJC વ્યવસ્થાપન ટુકડીને મુખ્ય ઓડીટર તરફથી થતો ટૂકો નોંધ અહેવાલ અને પ્રમાણીકરણ માટે અથવા તેની વિરૂધ્ધની ભલામણ કે અભિપ્રાય. |
| પ્રમાણીકરણનો વ્યાપ કે કાર્યક્ષેત્ર | પ્રમાણીકરણના વ્યાપને સભ્ય દ્વારા નકકી કરવામાં આવે છે અને તે સભ્યના કામકાજ (એટલે કે સવલતો અને પ્રવૃતિઓ) ના એવા ભાગોને આવરી લે છે કે જે સક્રિય રીતે હીરા અને/અથવા સોનાના આભૂષણની પુરવઠા સાંકળને યોગદાન કરે છે. |
| પ્રમાણીત કરાયેલ સભ્ય: | RJC દ્વારા પ્રમાણીત કરાયેલ એવો સભ્ય કે જેના ધંધાકીય કે કામકાજના વ્યવહારો વ્યવહારોની આચારસંહિતા સાથે સુસંગતતાની કક્ષાનું પાલન કરવા માટે ઓડીટર દ્વારા ચકાસણી મૂલ્યાંકન દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. |
| સીએફટી | ત્રાસવાદના નાણાનો મુકાબલો કરતું. |
| બાળક | 15 વર્ષ કરતા ઓછી ઉંમર ધરાવતી કોઈપણ વ્યક્તિ, સિવાય કે કામ કે ફરજીયાત શાળાએ જવા માટે, વધુ ઉંચી ઉમરને સ્થાનિક રાષ્ટ્રીય/સ્થાનિક લઘુત્તમ ઉંમર ધારો ઠરાવે તો તે કિસ્સામાં આ માટે તે વધુ ઉંમર લાગુ પડશે. જો કે તેમ છતાં વિકસતા રાષ્ટ્રો સાથે સુસંગત બને તે રીતે સ્થાનિક રાષ્ટ્રીય/સ્થાનિક લઘુત્તમ વેતન 14 વર્ષની ઉંમર મુજબ નકકી કરવામાં આવે છે જે માટે ILO સમજૂતી 138 હેઠળના અપવાદો મુજબ નાની ઉંમર લાગુ પડશે. |
| બાળ મજૂરી | હળવા કાર્ય કે જે તરૂણ વ્યક્તિના વિકાસને નુકશાન પણ કરતું નથી અને તેની શાળાની હાજરીમાં પણ અવરોધ બનતું નથી તેવા કાર્ય માટે ILO સમજૂતી 138 (નીચી લઘુત્તમ ઉંમર 13 વર્ષ કે જે વિકસતા રાષ્ટ્રોમાં 12 વર્ષ છે) તેમાં પ્રબંધ કરાયેલ બાબત સિવાય એક બાળક દ્વારા થતું કોઈપણ કામ. બાળમજૂરી એ એક એવું કામ છે કે જે બાળકો પાસેથી તેમનું બાળપણ, તેમની ક્ષમતા અને ગૌરવ છીનવી લે છે અને જે તેમના સામાજીક, શારીરિક અને માનસિક વિકાસ માટે નુકશાનકારક છે. |
| CIBJO | વર્લ્ડ જ્વેલરી કોન્ફેડરેશન |
| આચરણોની આચારસંહિતા | સમગ્ર હીરા અને/અથવા સોનાના આભૂષણની પુરવઠા સાંકળ દરમિયાન બધા જ RJC સભ્યોને લાગુ પાડવા પાત્ર ગુણવત્તાના ધોરણોનો સમૂહ કે જે જવાબદાર નૈતિક મૂલ્યો, માનવ અધિકારો, |

| | |
|---|---|
| | સામાજીક અને પર્યાવરણીય વ્યવહારોને સ્પષ્ટ કરે. |
| સામૂહિક સોદાબાજી કરવાની પ્રક્રિયા | એક એવી પ્રક્રિયા કે જેના દ્વારા નોકરીદાતાઓ (અથવા તેમની સંસ્થાઓ) અને કામદારોના સંગઠનો (અથવા તેમની ગેરહાજરીમાં, સ્વતંત્ર રીતે નિમાયેલા કામદારોના પ્રતિનિધિઓ) કામકાજના નિયમો અને શરતો અંગે વાટાઘાટ કે ચર્ચા કરે. |
| સમુદાય | શબ્દ સામાન્ય રીતે નજીકના અને આસપાસના વિસ્તારોના વસાહતીઓને લાગુ પડે છે કે જેઓ કંપનીની પ્રવૃતિઓ દ્વારા અમુક રીતે પ્રભાવિત થાય છે. આ અસરો લાક્ષણિક રીતે આર્થિક અને સામાજિક તેમજ પર્યાવરણ સંબંધિત હોઈ શકે છે. |
| સમુદાય વિકાસ | પ્રક્રિયા કે જેનાથી લોકો તેમના સમુદાયોની તાકાત અને પ્રભાવક્તા વધારે છે, તેમની જીવનની ગુણવત્તા સુધારે છે, નિર્ણય કરવાની પ્રક્રિયામાં તેમની સહભાગીદારીમાં વધારો કરે છે અને તેમની જીંદગીઓ ઉપર વધુ વિશાળ લાંબા ગાળાનો અંકુશ પ્રાપ્ત કરે છે. તે સમુદાયો વડે, સમુદાયો કરતાં સહેજ વધુ પ્રમાણમાં, તે રીતે સ્થાનિક લોકોની જરૂરિયાતો અને અગ્રતાઓનો પડઘો પાડીને કરવામાં આવે છે. |
| સમુદાય જોડાણ | સમુદાયના પ્રસંગો અને અગ્રતાઓ તેમજ ધંધાની ચિંતાઓ અને જરૂરિયાતોને આવરી લેતી નિર્ણયની પ્રક્રિયા અને માહિતી વહેંચણીની દ્વિમાર્ગી પ્રક્રિયા. માત્ર ધ્યાનથી સાંભળવાથી આગળ કે વિશેષ રીતે, બધા જ પક્ષકારોને નિર્ણયોનું વ્યવસ્થાપન કરવામાં સક્ષમ બનાવવા માટે કે જે નિર્ણયો બધા જ સંબંધિત વ્યક્તિઓને પ્રભાવિત કરવાની ક્ષમતા ધરાવે છે તે બાબતે બધા પક્ષકારો દ્વારા પારસ્પરિક સમજણ અને જવાબદારીપણાની ખાતરી કરવાનો હેતુ છે. |
| કન્ફ્લીક્ટ હીરા | કાયદેસરની સરકારોને નુકશાન પહોંચાડવા કે તોડી પાડવા માટેના હેતુથી યુધ્ધને નાણાકીય સહાય કરવા માટે બળવાની ચળવળો કે તેમના સાથીઓ દ્વારા ઉપયોગમાં લેવાતો રફ હીરો કે જે મુજબ સંયુક્ત રાષ્ટ્રોની સુરક્ષા પરિષદના (UNSC) ઠરાવોમાં જ્યાં સુધી તે પ્રભાવમાં રહે ત્યાં સુધી વર્ણવવામાં આવેલ છે અથવા અન્ય આવા જ યુએનએસસીના ઠરાવો કે જેનો ભવિષ્યમાં સ્વીકાર થઈ શકે છે તેમાં વર્ણવ્યા મુજબ અને સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભાના (UNGA) ઠરાવ 55/56 માં સ્વીકારીને સમજવામાં આવ્યા મુજબ અથવા અન્ય આવા જ UNGA ઠરાવો કે જેનો ભવિષ્યમાં સ્વીકાર થઈ શકે છે તેમાં વર્ણવ્યા મુજબ. |
| સુસંગતતા | નીતિઓ, વ્યવસ્થાઓ, પધ્ધતિઓ અને પ્રક્રિયાઓ સહીતના સભ્યના ધંધાકીય વ્યવહારો એવી રીતે કામ કરે છે કે જે વ્યવહારોની આચાર |

| | |
|---|---|
| | સંહિતા સાથે સુસંગત બને. |
| સાતત્યપૂર્ણ સુધારણા | વ્યવહારોની આચારસંહિતા સામે સુધરી રહેલ કાર્યક્ષમતા અને વ્યવસ્થાપન પધ્ધતિઓની ગુણવત્તા સુધારની આગળ વધતી કે ચાલુ રહેતી પ્રક્રિયા. |
| કોન્ટ્રેક્ટર | એક વ્યક્તિ, કંપની કે અન્ય કાનુની સંસ્થા કે જે કામ અમલમાં મુકે છે અથવા સભ્ય માટે સેવાઓ માટે કરારના અનુસંધાને સેવાઓ હાથ ઉપર લે છે કે બજાવે છે. આ બાબતમાં પેટા-કોન્ટ્રેક્ટરોનો સમાવેશ થાય છે. |
| નિયંત્રણ કે અંકુશ | એક સભ્ય દ્વારા થતો અંકુશ નીચેની બાબતનો બનેલ છે:<br>1. નિયંત્રિત ધંધો કે સવલતની વોટીંગ ઈકિવટીઓ/મતોના 50% કે વધુ (અથવા સમતુલ્ય) ના (એકલા અથવા અન્ય સભ્યો સાથે કરારના અનુસંધાને) અંકુશ અથવા પ્રત્યક્ષ કે પરોક્ષ માલિકી; અને/અથવા.<br>2. સંચાલક મંડળ કે વ્યવસ્થાપનના મંડળના કમસે કમ અડધા સભ્યોને દૂર કરવાની, નિમવાની કે નિમણૂંક કરવાની પ્રત્યક્ષ કે પરોક્ષ (અન્ય સભ્યો સાથે કરારના અનુસંધાન સહીત) સત્તા (અથવા નિયંત્રિત ધંધો કે સવલતના સમુતલ્ય) અને/અથવા.<br>3. નિયંત્રિત કામકાજ કે સવલતના રોજીંદા કે વહીવટી વ્યવસ્થાપન અથવા.<br>4. સંબંધિત ન્યાય અધિકારક્ષેત્રમાં ઉપરના (1) અને (2) માં વર્ણવ્યા મુજબની બાબતને અનુરૂપ નિયંત્રણનો કોઈપણ કાયદેસર રીતે માન્ય કરાયેલ ખ્યાલ.<br>જો કે ઉપરની બાબત અંકુશ કે નિયંત્રણને વ્યાવસાયિક સંદર્ભમાં દર્શાવે છે તો પણ આ જ સિધ્ધાંતો સમાન રીતે અન્ય સંસ્થાકીય વ્યવસ્થાઓ કે જેમાં લાગુ પડતું હોય ત્યાં વ્યક્તિ કે પરીવાર દ્વારા અંકુશ અને ફ્રેન્ચાઈસીઝ, લાઈસન્સીઓનો સમાવેશ થાય છે, તેને લાગુ પડશે. |
| ધારાત્મક કે ઉપચારાત્મક પગલા | ફરી ફરીને બનતી બાબતને અટકાવવાના હેતુથી વિસંગતતાના કારણને દૂર કરવા માટે સભ્ય દ્વારા અમલમાં મૂકવામાં આવેલ એક પગલું. |
| સુધારાત્મક પગલા આયોજન | જાત મૂલ્યાંકન કે ચકાસણી મૂલ્યાંકન દરમિયાન ઓળખી કાઢવામાં આવેલ વિસંગતતાઓનો ઈલાજ કરવા માટે સભ્યો દ્વારા વિકસાવાયેલ નકકી કરેલ સીમાચિન્હો સાથેના આયોજનો. |
| ભ્રષ્ટાચાર | અંગત લાભ માટે જવાબદારીમાં મુકેલ સત્તાનો દુરૂપયોગ. |

| | |
|---|---|
| મહત્વનું ઉલ્લંઘન | RJC વ્યવસ્થાની અખંડીતતા માટે મહત્વની હોવાનું ગણવામાં આવેલ હોય તેવી એક જોગવાઈથી વિરૂધ્ધ. એક મોટી વિસંગતતા પ્રમાણીકરણ હેન્ડબુકના વિભાગ 7.2 માં મહત્વની જોગવાઈઓને ઓળખાવવામાં આવે છે.<br><br>મહત્વના ઉલ્લંઘનની ઓળખ માટે સભ્યો અને ઓડીટરોએ તાત્કાલિક રીતે RJC વ્યવસ્થાપન ટુકડીને જાણ કરવાની જરૂર પડે છે. જો RJCને ઓડીટર દ્વારા જાણ કરવામાં આવશે તો સભ્ય વિરૂધ્ધ શિષ્તવિષયક કાર્યવાહીઓને સ્વયંભૂ રીતે આગળ વધારવામાં આવશે. |
| હીરો | એક કુદરતી ખનીજ તત્વ કે જે આઈસોમેટ્રીક પધ્ધતિમાં એક ઘનાકૃતિના બંધારણ સાથે નિશ્ચિત આકાર અપાયેલ શુધ્ધ કાર્બનને મુળભૂત રીતે ધરાવે છે. મોહસ સ્કેલ ઉપર તેની સખ્તતા 10 છે. તેનું અપેક્ષિત ઘનત્વ લગભગ 3.52 છે: તે 2.42 નો પ્રત્યાવર્તન કરતો ઈન્ડેક્ષ ધરાવે છે અને તે ઘણા રંગોમાં જોવા મળી શકે છે. |
| શિસ્ત | કામકાજ સંબંધિત વર્તન કે કામગીરીમાં સુધારણા કે ગુણવત્તા વધારવા માટેનું એક સાધન. |
| ભેદભાવ | જ્યાં માણસો સાથે કેટલાક લક્ષણો જેવા કે જાતિ, રંગ, લિંગ, ધર્મ, રાજકીય અભિપ્રાય, રાષ્ટ્રીય વંશપરંપરા કે સામાજીક મૂળના કારણે અલગ અલગ રીતે વ્યવહાર કરવામાં આવે છે કે જે બાબત તક અને વ્યવહારની સમાનતાની ક્ષતિમાં પરિણમે છે. |
| EITI | એક્સટ્રેક્ટીવ ઈન્ડસ્ટ્રીઝ ટ્રાન્સપરન્સી ઈનીશીએટીવ (સાર કે તત્વ સ્વરૂપના ઉદ્યોગોની પારદર્શકતાનું પગલું). |
| કટોકટી | એક અસામાન્ય ઘટના કે જે કર્મચારીઓ, કોન્ટ્રેક્ટરો, મુલાકાતીઓ, ગ્રાહકો કે સ્થાનિક સમુદાયોની સલામતી કે આરોગ્ય માટે ભય ઉત્પન્ન કરી શકે છે અથવા જે મિલકતો કે પર્યાવરણને નુકશાન સર્જી શકે છે. |
| કર્મચારી | એક એવી વ્યક્તિ કે જે કામ કરવાનો કરાર કરે છે અથવા રોજગારીના કરાર હેઠળ કામ કરે છે અથવા સેવા કે એપ્રેન્ટીસશીપ પછી તે દેખીતી હોય કે ગર્ભિત હોય, તેના હેઠળ કામ કરે છે અને (જો તે દેખીતી રીતે વ્યકત થયેલ હોય તો) પછી તે મૌખિક રીતે હોય કે લેખિતમાં હોય અથવા સભ્યની બાબતે લાગુ પાડી શકાય તેવા કાયદા દ્વારા સ્પષ્ટ કર્યા મુજબ હોય. |
| કામકાજ કે રોજગારીનો સંબંધ | નોકરીદાતાઓ અને કર્મચારીઓ વચ્ચેનું કાયદેસરનું જોડાણ કે જે વ્યક્તિ જ્યારે મહેનતાણાના બદલામાં ચોકકસ સ્થિતિઓ હેઠળ કામ કે સેવાઓ બજાવે છે ત્યારે અસ્તિત્વમાં આવે છે. |

| | |
|---|---|
| એન્ટિટી | ધંધા કે તેવી બાબત કે જે એક અથવા વધુ ફેસીલીટીસ ચલાવે છે કે જ્યાં તે એન્ટિટીની માલિકી કે અંકુશ સભ્ય દ્વારા થાય છે. એન્ટિટી સભ્યનો ભાગ કે તેના જુદા જુદા ભાગોનું સંયોજન રચે છે. |
| પર્યાવરણ | હવા, પાણી, જમીન, કુદરતી સંશાધનો, વનસ્પતિ અને પ્રાણીજગત, પશુ-પ્રાણી, વનસ્પતિના નિવાસસ્થાનો, જૈવપર્યાવરણીય વ્યવસ્થાઓ, જૈવવિવિધતા, મનુષ્યો (કે જેમાં માનવસર્જીત વસ્તુઓ, સાંસ્કૃતિક રીતે મહત્વના સ્થળો અને સામાજીક પાસાઓનો સમાવેશ થાય છે) અને તેમના આંતર-વ્યવહારો સહીત આસપાસની પરીસ્થિતિ કે જેમાં સવલત કામ કરે છે. આ સંદર્ભમાં પર્યાવરણ કામગીરીની અંદરથી વૈશ્વિક વ્યવસ્થા સુધી વિસ્તરે છે. |
| કામની સરળતાની ચુકવણીઓ | એવી કોઈક બાબત કે જેમાં ચુકવણી મેળવનાર અન્ય રીતે પણ કરવા માટેની ફરજ ધરાવતો હોય તેવી કોઈ બાબત માટે અધિક આદરાત્મક વ્યવહાર મેળવવા માટે કામની સરળતાની ચુકવણીઓ ચુકવવામાં આવે છે. |
| સવલત | સવલત એ ઈમારત છે કે જે છે:<br>• સભ્યની માલિકી અને અંકુશ હેઠળ છે અને<br>• સક્રિય રીતે હીરા અને/અથવા સોનાના આભૂષણની પુરવઠા સાકળને યોગદાન આપે છે.<br>માઈનિંગ સવલત પણ જુઓ |
| FATF | ફાયનાન્શીયલ એક્શન ટાસ્ક ફોર્સ (નાણાકીય પગલાનું કાર્ય દળ) |
| ત્રાસવાદને નાણા | જેઓ ત્રાસવાદને પ્રોત્સાહન આપે છે, આયોજન કરે છે અથવા તેમાં જોડાય છે તેઓને કોઈપણ પ્રકારની નાણાકીય મદદ. |
| કામ માટે યોગ્ય | કામ માટે યોગ્યનો અર્થ થાય છે કે વ્યક્તિ એવી સ્થિતિમાં (શારીરિક, માનસિક અને ભાવનાત્મક) છે કે જે તેમને તેમની સોંપાયેલી ફરજો અસરકારક રીતે બજાવવા દે છે અને એવી રીતે બજાવવાની છૂટ આપે છે કે જે તેમની પોતાની કે અન્યોની સુરક્ષા અને આરોગ્યને ભયમાં ન મુકે. |
| ફરજ પડાયેલ કે પરાણે કરાવેલ શ્રમ | કોઈપણ કામ કે સેવા કે જે સરકારો, કંપનીઓ કે વ્યક્તિઓ દ્વારા દંડના આગામીક ભય હેઠળ બળપૂર્વક લઈ લેવામાં આવેલ હોય અને જે વ્યક્તિએ કરવા માટે સ્વૈચ્છિક રીતે ઈચ્છા દર્શાવેલ ન હોય. તે એવા કામ કે સેવાનું પણ સૂચન કરે છે કે જે દેવાની પુન:ચુકવણીના |

| | |
|---|---|
| | માધ્યમ તરીકે માંગવામાં આવે છે. |
| વિશિષ્ટ અધિકાર/પરવાનો આપવો | એવી વ્યવસ્થા કે જેનાથી ત્રીજા પક્ષકારોને સભ્યનું બ્રાન્ડ નેમ, ટ્રેડમાર્ક કે અન્ય બૌધ્ધિક સંપતિ ધરાવતા ઉત્પાદનો કે સેવાઓના સમગ્ર કે અંશતઃ ભાગને ઉત્પન્ન કરવાનો, બજારમાં મૂકવાનો કે વેંચવા સક્ષમ બનાવવાના હેતુઓ માટે સભ્યના અંકુશ હેઠળ ન હોય તેવા ત્રીજા પક્ષકારોને સભ્યના બૌધ્ધિક સંપતિના અધિકારોનો પરવાનો આપવામાં આવે છે. |
| સંગઠનની સ્વતંત્રતા | વ્યાવસાયિક હીતોની ઉન્નતિ અને રક્ષણ માટે સ્વતંત્ર રીતે સમુહો રચવાની અને જોડાવાનો કામદારો અને નોકરીદાતાનો અધિકાર. |
| સોનું | દુર્લભ પીળુ ધાતુજન્ય તત્વ કે જે રાસાયણિક સંકેત 'Au' ધરાવે છે તે સખ્તતાના મોહસ સ્કેલ ઉપર ૨.૫-૩ ની વિશિષ્ટ સખ્તતા અને અણુ સંખ્યા ૭૯ સાથેનું એક ખનિજ તત્વ છે. |
| GRI | ગ્લોબલ રિપોર્ટીંગ ઈનીશીએટીવ |
| જોખમ | સંભવિત નુકશાન, ઈજા કે હાનિનો સ્ત્રોત. |
| જોખમી પદાર્થ | એવી કોઇપણ સામગ્રી કે જે માનવ આરોગ્ય અને/અથવા પર્યાવરણ માટે ભય રજૂ કરે છે. |
| આરોગ્ય | શારીરિક, માનસિક અને સામાજીક રીતે સારા હોવાની સ્થિતિ અને માત્ર રોગ કે શારીરિક નિર્બળતાની ગેરહાજરી જ નહીં. |
| આરોગ્ય અને સલામતી | આરોગ્ય અને સલામતીના પગલાઓનો હેતુ કામના સમય દરમિયાન તેમાંથી ઉદભવતી, તેની સાથે જોડાયેલ કે બનતી વ્યક્તિગત હિતને થતી ઈજા અને અકસ્માતોને અટકાવવાનો છે. આ બાબત જ્યાં સુધી વાજબી રીતે શક્ય હોય ત્યાં સુધી કામકાજના પર્યાવરણમાં સ્વાભાવિક હોય તેવા જોખમોના કારણોને ઓછા કરીને કરવામાં આવે છે. |
| HIV/Aids | હ્યુમન ઈમ્યુનો ડેફીશીયન્સી વાયરસ/એક્વાયર્ડ ઈમ્યુનો ડેફીશીયન્સી સિન્ડ્રોમ. |
| માનવ અધિકારો | કોઈપણ વ્યક્તિગત રાષ્ટ્રના કાયદાઓથી ઉપર બધા જ લોકોની માલિકી તરીકે માનવામાં આવેલ સનાતન હક્કો અને સ્વતંત્રતાઓ. RJC વ્યવસ્થામાં રહેલા માનવ અધિકારો ખાસ કરીને માનવ હક્કોની |

| | |
|---|---|
| | સાર્વત્રિક જાહેરાત, કામ ઉપરના પાયાના સિધ્ધાંતો અને હક્કો ઉપરની ILO જાહેરાત અને લાગુ પાડી શકાય તેવા કાયદામાં જોડેલ માનવ અધિકારોનો સમાવેશ કરે છે. |
| સ્થાનિક લોકો | “સ્થાનિક લોકો” અંગે સનાતન રીતે સ્વીકારવામાં આવેલ કોઈ વ્યાખ્યા નથી. શબ્દનો અહીં ભિન્ન ભિન્ન માત્રાઓમાં નીચેની લાક્ષણિકતાઓ ધરાવતા વિશિષ્ટ સામાજીક અને સાંસ્કૃતિક સમુહનું સુચન કે ઉલ્લેખ કરવા માટે જાતિ સંબંધિત ભાવમાં ઉપયોગમાં લેવામાં આવે છે.<br>• વિશિષ્ટ સ્થાનિક સાંસ્કૃતિક સમુહના સભ્યો તરીકેની સ્વ ઓળખ અને અન્યો દ્વારા આ ઓળખનો સ્વીકાર કે માન્યતા.<br>• યોજનાના વિસ્તારમાં આવેલ ભૌગોલિક રીતે વિશિષ્ટ નિવાસ સ્થાનો અને વંશપરંપરાગત પ્રદેશો સાથેનું અને આ પ્રદેશો અને નિવાસસ્થાનોમાં રહેલા કુદરતી સંશાધનો સાથેનું સામુહિક જોડાણ.<br>• પ્રણાલિકાગત સાંસ્કૃતિક, આર્થિક, સામાજીક અથવા રાજકીય સંસ્થાઓ કે જે સત્તાશીલ સમાજ કે સંસ્કૃતિની આવી બાબતોથી અલગ છે,<br>• સ્થાનિક ભાષા, મોટે ભાગે દેશ કે પ્રદેશની સતાવાર ભાષાથી અલગ. |
| ICMM | ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓન માઈનિંગ એન્ડ મેટલ્સ. |
| IFC | ઈન્ટરનેશનલ ફાયનાન્સ કોર્પોરેશન |
| ILO | ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન |
| ISO | ઈન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર સ્ટાન્ડર્ડાઈઝેશન |
| ICUN | ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર. |
| ઝવેરાત | RJC વ્યવસ્થાના ઉપયોગ માટે, કિંમતી ધાતુઓ (સોના સહીત) અને/અથવા રત્નો (હીરાઓ સહીત) રત્નો વડે જડીત, આભૂષણો, તેના પુરતા સીમિત નહી તે રીતે બ્રેસલેટ્સ, વિંટીઓ, નેકલેસ, કાનની બુટીઓ અને ઘડીયાલોનો સમાવેશ કરે છે. |
| મહત્વના જૈવ વિવિધતાના વિસ્તારો | મહત્વના જૈવ વિવિધતાના વિસ્તારો એ રક્ષિત વિસ્તારો અને અન્ય વહીવટી પ્રયુક્તિઓ દ્વારા જીવવિવિધતાના જતન માટેના આંતરરાષ્ટ્રીય મહત્વના સ્થળો છે. જાતિઓની વસ્તીઓને જાળવવામાં તેમના મહત્વ ઉપર તેમના મહત્વના આધારે તેઓને રાષ્ટ્રીય રીતે |

| | |
|---|---|
| | ઓળખવામાં આવે છે. |
| કીમ્બર્લી પ્રોસેસ સર્ટીફિકેશન સ્કીમ (KPCS) | એક સંયુક્ત સરકાર, આંતરરાષ્ટ્રીય હીરા ઉધોગ અને સભ્ય સમાજનું કોન્ફ્લીક્ટ હીરાઓના પ્રવાહને અટકાવવા માટેનું પગલું. |
| લિડ કે મુખ્ય ઓડીટર | એક લિડ ઓડીટર એ એક સભ્ય માટેના ચકાસણી મૂલ્યાંકનની કાર્યક્ષમ અને અસરકારક હાથ ધરવાની પ્રક્રિયા અને પૂર્ણતા માટે જવાબદાર છે અને તે ઓડીટરની ટુકડીને સંકલનમાં રાખી શકે છે. |
| કાનુની સુચના પાલન | લાગુ પાડી શકાય તેવા કાયદાની અંદર કાર્ય કરીને કે તેની સુચના હેઠળ કાર્ય કરીને. |
| મહત્વની કે મુખ્ય વિસંગતતા | નીતિઓ, વ્યવસ્થાઓ, પધ્ધતિઓ અને પ્રક્રિયાઓ સહીતની સભ્યના કામકાજના વ્યવહારો એવી રીતે કામ કરે કે જે વ્યવહારોની આચારસંહિતા સાથે સુસંગત ન હોય. મહત્વની વિસંગતતાઓને નીચેની સ્થિતિઓ પૈકીના એક અથવા વધુ પ્રસંગ તરીકે સ્પષ્ટ કરવામાં આવે છે:<br>• જરૂરી જોગવાઈની અમલવારીની સંપૂર્ણ ગેરહાજરી<br>• RJC વ્યવસ્થા સાથે સંબંધિત કામકાજના જોખમોનું વ્યવસ્થાપન કરવા માટે જરૂરી નિયંત્રણોનો સંપૂર્ણ અભાવ અથવા સભ્ય મુજબ ફેલાયેલ વ્યવસ્થિત ખામી કે નિષ્ફળતા.<br>• એક એવી સ્થિતિ કે જ્યાં સભ્યના કામકાજના વ્યવહારોએ મહત્વની ધારાકીય અથવા નિયમનકારી શરતોને શોધી કાઢેલ નથી અથવા ધારાકીય કે નિયમનકારી જરૂરિયાતોનું નિયમ પાલન કરવામાં આવતું નથી અને/અથવા સુચન પાલન ન કરતી સ્થિતિમાં સુધારો કરવા માટે અપુરતો પ્રયત્ન કરવામાં આવે છે.<br>• અપુરતી અમલવારી દર્શાવતા સંબંધિત પુનરાવર્તિત કે એકધારી બનતી વિસંગતતાઓનો સમુહ.<br>• મહત્વના ઉલ્લંઘનને સાબિત કરવા માટેના હેતુલક્ષી પુરાવાના સમર્થન સાથેના કોઈપણ તારણ કે અવલોકન અથવા જે કોઈપણ મહત્વના ઉલ્લંઘનને ટાળવા માટે સભ્ય કામકાજના વ્યવહારો ધરાવે છે કે કેમ તે બાબતે ગંભીર શંકાઓ ઉભી કરે છે. |
| વ્યવસ્થાપન પધ્ધતિ | ઈચ્છિત પરીણામો પ્રાપ્ત કરવા માટે અને કામગીરીમાં સાતત્યપૂર્ણ સુધારાને આગળ લઈ જવા માટે, આ કાર્યો સાચી રીતે, સાતત્યપૂર્ણ રીતે અને અસરકારક રીતે કરવામાં આવે તેની ખાતરી માટે જે |

| | |
|---|---|
| | સામુહીક રીતે સાબિતી પુરી પાડે તેવું એક પધ્ધતિસરનું માળખુ ધરાવે તેવી વ્યવસ્થાપન પ્રક્રિયાઓ અને દસ્તાવેજીકરણ. |
| નિશાની | કોઈપણ નિશાની, સંકેત, સાધન, ઈમ્પ્રીન્ટ, સ્ટેમ્પ, બ્રાન્ડ, લેબલ, ટીકીટ, પત્ર, શબ્દ કે આકૃતિ. |
| સભ્ય | કોઈપણ કામકાજ કે જે<br>I. હીરા અને/અથવા સોનાના આભૂષણોની પુરવઠા સાંકળમાં વેપારી કારણો માટે સક્રિય રીતે સંકળાયેલ છે.<br>II. સલાહકાર, માર્ગદશક કે કોઈપણ અન્ય આવી બાબતથી મુક્ત રાખવામાં આવે છે, અને.<br>III. ધંધાકીય નૈતિક મૂલ્યો ઉપરના પ્રવર્તમાન RJC સિધ્ધાંતો અને વ્યવહારોની આચારસંહિતા પ્રત્યે વચનબધ્ધ થાય છે, સામાજીક માનવીય હક્કો, પર્યાવરણીય કામગીરી અને વ્યવસ્થાપન પધ્ધતિઓ ઉપર વ્યવહારોની આચારસંહિતા પ્રત્યે વચનબધ્ધ થાય છે.<br>IV. RJC વ્યવસ્થા હેઠળ ઓડીટર દ્વારા એક ચકાસણી મૂલ્યાંકન માટે વચનબધ્ધ થાય છે; અને<br>V. વાર્ષિક RJC વેપારી સભ્યપદ ફીની ચુકવણી માટેની જવાબદારી લે છે.<br>જે RJCના વેપારી કે ધંધાદારી સભ્ય બનવા માટે લાયક છે.<br>સભ્ય એક અથવા વધુ બાબતો અને/અથવા ફેસીલિટીસનો બનેલો હોઈ શકે.<br>RJC વ્યવસ્થાના દસ્તાવેજોમાં, સભ્ય શબ્દ વિશિષ્ટ રીતે RJC ધંધાદારી સભ્યોનું સૂચન કરે છે. |
| સભ્ય ચકાસણી અહેવાલ | ચકાસણી મૂલ્યાંકનના તારણો ઉપર લીડ ઓડીટર તરફથી સભ્યને એક સંપૂર્ણ અહેવાલ અને RJCના વ્યવહારોની આચારસંહિતા સાથે સભ્યના સુમેળનું મૂલ્યાંકન ઉપરનો એક સંપૂર્ણ અહેવાલ. |
| ખાણકામની સવલત | એક સવલત કે ઈમારત કે જે જમીનમાંથી હીરાઓ અથવા સોનાની વેંચવાલાયક માત્રાઓ ધરાવતા હીરા કે સોનું કે ખનિજતત્વો બહાર કાઢે છે.<br>શંકાના નિવારણ માટે:<br>• ખાણના આયુષ્યકાળના સમય દરમિયાન શોધકામથી |

| | |
|---|---|
| | સોંપણી પૂર્વેના તબક્કાઓ સુધી ચકાસણી મૂલ્યાંકનના એક ભાગ તરીકે સવલતોની મુલાકાત લેવામાં આવતી નથી. ખાણના આયુષ્યકાળના આ તબક્કાઓમાં કામકાજના વ્યવહારોને નીતિઓ, વ્યવસ્થાઓ, પધ્ધતિઓ અને પ્રક્રિયાઓની ડેસ્કટોપ ઉપરની સમીક્ષા વડે જ્યાં જરૂરી અને યોગ્ય લાગે ત્યાં દર્શાવી શકાય છે.<br>• જો રીવરાઈન ટેઈલિંગ્સ ડીસ્પોઝલનો સવલતમાં ઉપયોગ થતો હોય તો માઈનીંગ સવલતને RJC પ્રમાણીકરણમાંથી બાદ કરવામાં કે બહાર કરવામાં આવે છે. આમ છતાં, બધી જ અન્ય સીઓપી જોગવાઈઓ તે સવલત ઉપર લાગુ પડે છે અને તેને ચકાસણીના કાર્યક્ષેત્રમાં સમાવી શકાય છે.<br>• જો વેચી શકાય તેવા હીરાઓ કે સોનું ન હોય જેમ કે જ્યાં સોનું એ ખનિજ તત્વોના જથ્થામાં, ઉત્પાદનોની પ્રક્રિયા દ્વારા પ્રક્રિયામાં કે નકામા પદાર્થોમાં એક શોધનું તત્વ હોય તો માઈનિંગની સવલતને પ્રમાણીકરણના કાર્યક્ષેત્રમાં સમાવવામાં આવતી નથી.<br>• હીરાઓ અને/અથવા સોનું સહીત અનેક વસ્તુઓ કે ઉત્પાદનો ઉત્પન્ન કરતી માઈનિંગ સવલતને જો માઈનિંગ સવલત દ્વારા ઉત્પન્ન થતી અન્ય વસ્તુઓને લાગુ પડતી સમાંતર પ્રમાણીકરણ વ્યવસ્થા હોય કે જેને RJC વ્યવસ્થાના સમતુલ્ય તરીકે ટેકનીકલ રીતે હોવાનું RJC દ્વારા મુલ્યાંકન કરવામાં આવે તો આવી માઈનિંગ સવલતને પ્રમાણીકરણના કાર્યક્ષેત્રમાંથી બાદ કરી શકાય છે કે તેની બહાર મૂકી શકાય છે. |
| માઈનિંગની પૂર્તિ | વ્યવહારોની આચારસંહિતાના વર્ઝન 3 માં સમાવેશ કરવા માટે 2008 થી 2009 દરમિયાન વિકસાવાયેલ વધારાના ખાણકામના વિશિષ્ટ ધોરણો. આ બધા સભ્યોની ખાણકામની સવલતને લાગુ પાડી શકાય છે. |
| નજીવી વિસંગતતા | નીતિઓ, વ્યવસ્થાઓ, પધ્ધતિઓ અને પ્રક્રિયાઓ સહીતના સભ્યના કામકાજના વ્યવહારોનો એવી રીતે અમલ કરવામાં આવે કે જે વ્યવહારોની આચારસંહિતા સાથે સંપૂર્ણ રીતે સુસંગત ન હોય. નજીવી વિસંગતતાઓને નીચેના પૈકીની એક અથવા વધુ વિસંગતતાઓના પ્રસંગ તરીકે દર્શાવવામાં આવે છે.<br>• સભ્યના ધંધાકીય વ્યવહારોની કામગીરી, શિસ્ત અથવા અંકુશના |

| | |
|---|---|
| | છૂટાછવાયા ભંગાણ કે ક્ષતિ કે જે RJCના વ્યવહારોની આચારસંહિતાની મોટી વિસંગતતા તરફ દોરી જતી ન હોય: અને/અથવા.<br>• એક તારણ કે જે આ સમયના બિંદુ ઉપર RJCના વ્યવહારોની આચારસંહિતાનું વાસ્તવિક ઉલ્લંઘન ન હોઈ શકે પરંતુ તે પ્રમાણીકરણના સમયગાળા દરમિયાન સભ્યના ધંધાકીય વ્યવહારોમાં સંભવિત અપૂર્તતા હોવા તરીકે ગણવામાં આવે છે. |
| મની લોન્ડરીંગ | પ્રક્રિયા કે જેના દ્વારા ગુનાની નાણાકીય ઉપજોને તેમના ગેરકાયદે મૂળને સંતાડવા માટે છુપાવવામાં આવે છે. |
| NGO | નોન ગવર્નમેન્ટ ઓર્ગેનાઈઝેશન્સ (બિન સરકારી સંસ્થાઓ) |
| વિસંગતતા | એક એવી સ્થિતિ કે જ્યાં સભ્યના ધંધાકીય કામકાજો RJCના કામકાજોની આચારસંહિતા સાથે સુસંગત થતા ન હોય. |
| હેતુલક્ષી પુરાવા | ખરાઈ કરી શકાય તેવી માહિતી, દસ્તાવેજો, અવલોકનો અને/અથવા હકીકતના હીસાબો અને જે ગુણાત્મક અથવા જથ્થાત્મક હોઈ શકે છે. |
| OECD | ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ |
| ઓવરટાઈમ | નિયમિત સમયપત્રકમાં કરવામાં આવતા કામકાજના કલાકો ઉપરાંતમાં કરેલા કામના કલાકો. |
| ભાગીદારો | ધંધાકીય વ્યવસ્થાઓ અને/અથવા વહીવટી યોજનાઓ કે સભ્ય સાથે કામકાજના કાર્યક્રમોમાં કોન્ટ્રેક્ટરોને બાદ કરીને સંયુક્ત સાહસના ભાગીદારો, સહકારી સંસ્થાઓ અને અન્ય હિસ્સેદારો સહિતના વ્યક્તિઓ કે સંસ્થાઓ. |
| PPE | પર્સનલ પ્રોટેક્ટીવ ઈક્વીપમેન્ટ તે રક્ષાત્મક કપડા અને અન્ય વસ્ત્રો જેવા કે હાથ-મોજાઓ, રક્ષાત્મક પગરખા, હેલ્મેટ, ગોગલ્સ અને કાનના પ્લગ્સનું સૂચન કરે છે કે જે બધા જ કામ સંબંધિત વ્યવસાયજન્ય જોખમોથી થતી અસલામતી સામે પહેરનારનું રક્ષણ કરવા માટે બનાવવામાં આવે છે. |
| નીતિ | સિધ્ધાંતો અને ઈરાદાઓની વિગત કે હકીકત. |
| પ્રદૂષણ | તેના રાસાયણિક સંયોજન કે માત્રાના કારણે પર્યાવરણમાં એવા પદાર્થની હાજરી કે જે કુદરતી પ્રક્રિયાઓના કામકાજને અટકાવે છે અને અનિચ્છનીય પર્યાવરણ સંબંધિત અને આરોગ્યની અસરો ઉત્પન્ન કરે છે. |
| POP | પર્સીસ્ટન્ટ ઓર્ગેનિક પોલ્યુટન્ટ્સ (એકધારી રીતે થતા સેન્દ્રિય |

| | |
|---|---|
| | પ્રદૂષકો) |
| કિંમતી ધાતુ | સોનું, પેલેડીયમ, પ્લેટીનમ અને ચાંદી અને આ ધાતુઓ પૈકીની કોઈપણ ધાતુ અને કોઈપણ અન્ય ધાતુ અને તેની મિશ્રધાતુ કે જેને કિંમતી ધાતુ તરીકે મહત્વના નિયમનો દ્વારા દર્શાવવામાં આવે છે. |
| પ્રક્રિયા | પ્રવૃતિ કે ક્રિયા હાથ ધરવા માટે નક્કી કરવામાં આવેલ રીત. પ્રક્રિયાઓને આધાર દ્વારા રજૂ કરી શકાય અન્યથા નહીં. |
| જોગવાઈ | વ્યવહારોની આચારસંહિતામાં દર્શાવવામાં આવેલ જરૂરીયાત કે શરત. |
| ગુણવત્તાની નિશાની | વસ્તુમાં કિંમતી ધાતુની ગુણવત્તા, જથ્થો, નાજુકતા કે સુંદરતા, વજન, જાડાઈ, માત્રા કે પ્રકાર દર્શાવવા માટેનું નિશાન કે નોંધ સૂચવતું કે તાત્પર્ય કે અર્થ સ્પષ્ટ કરતું નિશાન. |
| પુનર્વસન | ખલેલ પામેલી જમીનને એક સલામત સ્થિર અને સ્વ-વિકાસ કરતી સ્થિતિમાં પાછી લઈ આવવી. |
| ઉપચારીકરણ | ઓળખી કઢાયેલ સમસ્યાને કે વિસંગતતાને સુધારવા માટે એક પધ્ધતિસરના ફેરફાર કે ઉકેલને અમલમાં મૂકવો. |
| વળતર કે મહેનતાણું | તેમાં નોકરીદાતાઓ દ્વારા કામદારોને ચુકવવામાં આવતા રોકડમાં કે અન્ય રીતે વેતનો કે પગારો અને કોઈપણ અન્ય ફાયદાઓનો સમાવેશ થાય છે. |
| RJC | રિસ્પોન્સીબલ જ્વેલરી કાઉન્સિલ. |
| RJC વાર્ષિક સભ્યપદનો અહેવાલ | RJC વ્યવસ્થા હેઠળ સભ્યોની કુલ એકંદર પ્રગતિ ઉપર RJC વ્યવસ્થાપન ટુકડી દ્વારા તૈયાર કરાયેલ એક અહેવાલ. અહેવાલ વાર્ષિક રીતે તૈયાર કરવાનો છે અને જાહેર રીતે ઉપલબ્ધ બનાવવાનો છે. |
| RJC સંયોજક | સભ્ય દ્વારા નિમવામાં આવેલ એવી વ્યક્તિ કે જે સ્વ-મૂલ્યાંકન, ચકાસણી મૂલ્યાંકન, કોઈપણ સુધારાત્મક કાર્ય આયોજનો ઉપર દેખરેખ રાખે છે અને તે સભ્ય માટે RJC વ્યવસ્થાપન ટુકડી સાથે સંપર્કમાં રહે છે. |
| RJC વ્યવસ્થાપન ટુકડી | RJCનો સ્ટાફ કે જેને સંસ્થાના વહીવટી કાર્યોનો અમલ કરવા માટે કામ ઉપર રાખવામાં આવે છે. |
| રિસ્પોન્સીબલ જ્વેલરી કાઉન્સિલ વ્યવસ્થા | રિસ્પોન્સીબલ જ્વેલરી કાઉન્સિલ એ એક પ્રમાણીકરણની વ્યવસ્થા છે કે જેનો હેતુ સમગ્ર આભૂષણ પુરવઠાની સાંકળ દરમિયાન જવાબદાર |

| | |
|---|---|
| (RJC વ્યવસ્થા) | નૈતિક મૂલ્યો, માનવ અધિકારો, સામાજીક અને પર્યાવરણ સંબંધિત વ્યવહારોને આગળ વધારવાનો કે તેનો વિકાસ કરવાનો છે. RJC વ્યવસ્થાને વ્યવહારોની આચારસંહિતા, માર્ગદર્શન દસ્તાવેજો અને મૂલ્યાંકન સાધનોમાં સ્પષ્ટ કરવામાં આવે છે. |
| સુસંગત હક્કો | હક્કોના સુસંગત જોડાણનું વલણ કે ફરીયાદના કારણની પ્રયુક્તિ એ એક એવી બાબત છે કે જે પ્રસંગોને ઉકેલવા માટેનું એક માધ્યમ પુરૂં પાડે છે પછી તે તથ્યયુક્ત માનવ અધિકારો સાથે સંબંધ ધરાવતા હોય કે ન હોય કે જે એ રીતે કે જેમાં માનવ અધિકારોનો આદર અને સમર્થન કરવામાં આવે છે. |
| જોખમ | અચોક્કસતાના પરીણામો સામે અસુરક્ષા તેના બે પાસાઓ છે: અમુક બાબત બનવાની સંભાવના અને જો તે બનવાની હોય તો તેના પરીણામો. |
| જોખમ મૂલ્યાંકન | પ્રવૃતિ કે કામકાજ દ્વારા દર્શાવેલ જોખમની માત્રાનું પધ્ધતિસરનું મૂલ્યાંકન. જોખમ સંબંધિત ક્રમ આપવા માટે જોખમ વિશ્લેષણના પરીણામોનો ઉપયોગ કરવાની અને તેમને સ્વીકૃત જોખમ માપદંડો કે ઉદ્દેશો સાથે સરખાવવાની પ્રક્રિયા. |
| સલામતી | જોખમ, ભય કે ઈજાની સલામત અને મુક્ત રહેવાની સ્થિતિ. |
| ક્ષેત્ર | સોના અને હીરાના આભૂષણની પુરવઠા સાંકળના એક વિશિષ્ટ ભાગ. RJC હાલમાં તેના સભ્યપદમાં નીચેના વિભાગોને ઓળખાવે છે:<br>• સોનું અને/અથવા હીરાના ઉત્પાદક.<br>• સોનાનો વેપાર કરનાર, હેજર કે વિશુધ્ધ કરનાર.<br>• હીરાનો વેપાર કરનાર અને/અથવા કટર અને પોલીશ કરનાર.<br>• સોનું અને/અથવા હીરાના ઝવેરાતના ઉત્પાદક.<br>• સોનું અને/અથવા હીરાના આભૂષણના જથ્થાબંધ વિક્રેતા.<br>• સોનું અને/અથવા હીરાના આભૂષણના છૂટક વિક્રેતા.<br>• હીરા અને/અથવા સોનાના ઉદ્યોગ સાથે સંબંધિત સેવા ઉદ્યોગ (માર્ગદર્શકો, સલાહકારો અને ઓડીટરોને બાદ કરતાં).<br>• ઉપરના વિભાગો પૈકીના કોઈપણ વિભાગમાં સંપૂર્ણતા અથવા અંશતઃ રીતે સંકળાયેલા વેપારી સંગઠન. |
| સ્વ-મૂલ્યાંકન | તેમના સાહસો અને સવલતોનું વર્ણન કરતા સભ્યો દ્વારા અમલમાં મુકાયેલ મૂલ્યાંકન અને વ્યવહારોની આચારસંહિતાની જરૂરિયાતો |

| | |
|---|---|
| | સામે તેમની પોતાની કામગીરીનું મૂલ્યાંકન કરતું માપન. સભ્યો ચકાસણી મૂલ્યાંકન માટેની તેમની તૈયારીનો અંદાજ લગાવવા, કામકાજોને સુધારવા અને ચકાસણી મૂલ્યાંકન દરમિયાન જરૂરી હેતુલક્ષી આધાર શોધી કાઢવા માટે સ્વમૂલ્યાંકનનો ઉપયોગ કરી શકે છે. |
| સ્વ-મૂલ્યાંકન કાર્યપુસ્તક | સ્વ-મૂલ્યાંકનનો અમલ કરવા માટે ઉપયોગ કરવા સભ્યો માટે તૈયાર કરવામાં આવેલ એક કાર્યપુસ્તક. |
| બનાવટ | હીરાની નકલ કે બનાવટ એ તેના બધા જ ગુણધર્મો કે અમુક ગુણધર્મોની નકલ કરવા માટે ઉપયોગમાં લેવાયેલ કોઈપણ ઉત્પાદન કે પદાર્થ છે અને તેમાં એવી કોઈપણ સામગ્રીનો સમાવેશ થાય છે કે જે આ પારિભાષિક શબ્દકોશમાં હીરાની વ્યાખ્યામાં નિર્દિષ્ઠ કરાયેલ હોય તેવી જરૂરીયાતોનું પાલન કરતી નથી. |
| SOW | વ્યવસ્થા ઓફ વોરંટીસ. |
| હિસ્સેદાર | એવા લોકો કે જેઓ એક ચોક્કસ નિર્ણયમાં હિત ધરાવે છે, વ્યક્તિઓ તરીકે અથવા એક સમુહના પ્રતિનિધિઓ તરીકે કે જેમાં એવા લોકો કે જેઓ નિર્ણયને પ્રભાવિત કરે છે અથવા તેને પ્રભાવિત કરી શકે છે. તેમજ તેનાથી પ્રભાવિત થઈ શકે છે તેનો સમાવેશ થાય છે. હિસ્સેદારોમાં બિનસરકારી સંસ્થાઓ, સરકારો, શેરધારકો અને કામદારો તેમજ સ્થાનિક સમુદાયના સભ્યોનો સમાવેશ થાય છે. |
| ગુણવત્તાનું ધોરણ કે પ્રમાણ | એક હેતુલક્ષી વ્યવહાર, પ્રક્રિયા કે ક્રિયા કે જેને સંસ્થાના કામકાજ અને/અથવા ઉત્પાદનો અને/અથવા સેવાઓની અંતર્ગત ભાગ તરીકે સ્વીકારવામાં આવે છે. RJC વ્યવસ્થા માટે વ્યવહારોની આચારસંહિતા એ હીરા અને/અથવા સોનાના આભૂષણની પુરવઠા સાંકળ સાથે સંબંધિત ગુણવત્તાનું ધોરણ કે પ્રમાણ છે. |
| સુચિત ધંધાકીય સુધારણા | એક એવી સ્થિતિ કે જ્યાં વ્યવસ્થાઓ, પ્રક્રિયાઓ અને પ્રવૃતિઓ એ વ્યવહારોની આચારસંહિતાની મહત્વની જોગવાઈઓ સાથે સુસંગત છે. પરંતુ જ્યાં મુલ્યાંકનકાર કે ઓડીટર એવું નક્કી કરે છે કે આ હાલની પ્રક્રિયાઓમાં સુધારો કરવા માટેનો અવકાશ છે. સુચિત ધંધાકીય સુધારણાને પૂર્વગ્રહ વિના રજૂ કરવામાં આવે છે અને તેની અમલવારી ફરજીયાત નથી. પાછળથી થતા મૂલ્યાંકનો સૂચિત ધંધાકીય સુધારણાની અમલવારી ઉપર આધારિત રહીને કામગીરી અંગેનો નિર્ણય લેશે નહીં. |
| સપ્લાયર | એક ધંધાકીય વ્યક્તિ કે જે સભ્યના હીરા અને/અથવા સોનાની |

| | |
|---|---|
| | પ્રોડક્ટના ઉત્પાદન માટે, તેના ઉત્પાદન માટે તેમાં ઉપયોગ માટે જરૂરી અંતર્ગત ભાગ એવા માલ સામાન અને/અથવા સેવાઓ પુરી પાડે છે. |
| કૃત્રિમ/બનાવટી | કૃત્રિમ હીરો એ એવો કોઈપણ પદાર્થ છે કે જેને કૃત્રિમ માનવીય હસ્તક્ષેપના કારણે જેવા કે અપ્રાકૃતિક હોવાના અપવાદ સાથે હોવાના કારણે અંશતઃ રીતે કે પૂર્ણ રીતે નિયત આકાર આપવામાં આવેલ હોય છે કે પુનઃ નિયત આકાર આપવામાં આવેલ હોય છે કે જે ઉત્પાદન આ પારીભાષિક શબ્દકોશમાં હીરો શબ્દની વ્યાખ્યામાં વર્ણવાયેલ જરૂરીયાતોનું પાલન કરે છે. |
| બાકીના અવશેષો | મિશ્રધાતુ ઉપરની પ્રક્રિયા દરમિયાન ઉત્પન્ન થતા નક્કર ખડક અને બહાર વહેતા પદાર્થો. |
| ત્રીજો પક્ષ | મૂલ્યાંકન કરવામાં આવે છે તેવી વ્યક્તિ કે સંસ્થાથી મુક્ત એવી વ્યક્તિ કે એકમ અને તે વ્યક્તિ કે સંસ્થા સંબંધે ઉપયોગ કરનારના હિતોથી મુક્ત એવી વ્યક્તિ કે એકમ. |
| પ્રક્રિયા કરાયેલ હીરો | પ્રક્રિયા કરાયેલ હીરો એ એવો કોઈપણ પદાર્થ કે ઉત્પાદન છે કે જે આ પારિભાષિક શબ્દકોશમાં સમાવેશ કરાયેલ શબ્દ “સિન્થેટીક” માં અથવા “હીરો” શબ્દની વ્યાખ્યામાં વર્ણવાયેલ જરૂરિયાતોનું પાલન કરે છે કે જે આ પારિભાષિક શબ્દકોશમાં દર્શાવ્યા મુજબ પ્રક્રિયાને આધિન રહેલ છે. |
| પ્રક્રિયા કે ટ્રીટમેન્ટ | પ્રક્રિયાનો અર્થ થાય છે એવી કોઈપણ પ્રક્રિયા, ક્રિયા કે ગુણવત્તા સુધાર બદલાવ, કટીંગ અને પોલિશીંગના ભૂતકાળના સ્વીકૃત વ્યવહારોથી અલગ રીતે હીરાના કુદરતી બાહ્ય દેખાવ કે સંયોજનમાં હસ્તક્ષેપ કરવો કે તેમાં અપમિશ્રણ કરવું. તેમાં રંગ (અને રંગવિહીનતા) પ્રક્રિયા, ફાટ પુરવાની, લેસર અને ઈરેડીએશન પ્રક્રિયા અને કોટીંગનો સમાવેશ થાય છે. |
| UHDR | યુનિવર્સલ ડીકલેરેશન ઓફ હ્યુમન રાઈટ્સ (માનવ અધિકારોની સાર્વત્રિક જાહેરાત) |
| UN | યુનાઈટેડ નેશન્સ (સંયુક્ત રાષ્ટ્રો) |
| UNEP | યુનાઈટેડ નેશન્સ એનવાયરનમેન્ટ પ્રોગ્રામ (અમેરિકાનો પર્યાવરણ કાર્ક્રમ |
| અનિયંત્રિત જોખમ | સંભવિત નુકશાન, ઈજા કે હાનિનો ઓળખી કાઢેલ સ્ત્રોત કે જે માન્ય કરાયેલ અને/અથવા સ્વીકૃત વ્યવસ્થાપન, કાર્યકારી કે ટેકનિકલ |

| | |
|---|---|
| | અંકુશોની ઉણપો કે અભાવો ધરાવે છે. |
| ચકાસણી (ઓડીટીંગ) | હેતુલક્ષી આધારના મુલ્યાંકન દ્વારા અધિકૃત ઓડીટર દ્વારા માન્યતા કે સાબિતી કે વ્યવહારોની આચારસંહિતા પૂર્ણ કરવામાં આવેલ છે. ચકાસણીના પરીણામો પ્રમાણીકરણ ઉપરના નિર્ણય માટેના આધાર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. |
| ચકાસણી મૂલ્યાંકન | ચકાસણી મૂલ્યાંકન નીચેની બાબતોનો સમાવેશ કરે છે.<br>• સભ્યની સ્વ-મૂલ્યાંકન પ્રશ્નાવલિ અને અન્ય સંબંધિત માહિતીની પ્રાથમિક ડેસ્કટોપ સમીક્ષા.<br>• મુલાકાત કરવા માટે અને મુલ્યાંકન કરવા માટે સભ્યની સવલતો અને ધંધાકીય વ્યવહારોની પ્રતિનિધિની જોડની પસંદગી.<br>• સવલતના પસંદ કરાયેલ નમૂના ઉપર કાર્યસ્થળ ઉપરની સમીક્ષા દ્વારા સભ્યના સ્વ-મૂલ્યાંકનની ચકાસણી. |
| ચકાસણી આયોજન (ઓડીટ પ્લાન) | ચકાસણી આયોજન કે જેનો “ઓડીટ આયોજન” તરીકે પણ ઉલ્લેખ કરવામાં આવે છે. તેને સભ્યના ધંધાકીય વ્યવહારોમાંથી કોની સમીક્ષા કરવામાં આવશે, કોના દ્વારા અને ક્યારે અને કઈ સવલતોમાં સમીક્ષા કરવામાં આવશે તેની રૂપરેખા બાંધવા માટે ઓડીટર દ્વારા બનાવવામાં આવે છે અને તે કયા સભ્ય કર્મચારીઓને સમાવવા જોઈએ તે બાબતે નિમણૂંક કરે છે. તે ચકાસણીના કાર્યક્ષેત્રની વ્યાખ્યામાંથી વિકસાવવામાં આવે છે. |
| ચકાસણી અહેવાલો | ચકાસણી પ્રક્રિયામાંથી બે પ્રકારના અહેવાલો તૈયાર કરાય છે:<br>• સભ્યને સભ્ય ચકાસણી અહેવાલ.<br>• RJC વ્યવસ્થાપન ટુકડીને પ્રમાણીકરણ ભલામણ અને ટૂંકી નોંધ અહેવાલ. |
| ચકાસણીનું કાર્યક્ષેત્ર | ચકાસણીના કાર્યક્ષેત્રને ઓડીટરો દ્વારા સ્પષ્ટ કરવામાં આવે છે અને તે પ્રમાણીકરણના કાર્યક્ષેત્રની અંદરથી સવલતોની પસંદગી અને જે સૌથી વધુ મહત્વની ગણવામાં આવે છે તેવી વ્યવહારોની આચારસંહિતામાંથી જોગવાઈઓની પસંદગીનો, સભ્યના ધંધા કે કામકાજના પ્રકાર, માત્રા અને પ્રભાવને ધ્યાનમાં લઈને સમાવેશ કરવામાં આવે છે. |
| મુલાકાતી | એવી વ્યક્તિ કે જે સભ્ય સવલતની મુલાકાત લે છે કે જે વ્યક્તિ તે સવલત ઉપર કર્મચારી કે કોન્ટ્રેક્ટર નથી. |
| નકામો કચરો | ઘન, પ્રવાહી કે વાયુયુક્ત સામગ્રી કે જેને કાઢી નાખવામાં આવી છે |

| | |
|---|---|
| | અથવા ભવિષ્યમાં ઉપયોગી નથી. નકામા કચરાનું જો યોગ્ય રીતે વ્યવસ્થાપન ન કરવામાં આવે તો તે પર્યાવરણ ઉપર અસર અને પ્રદૂષણ ઉત્પન્ન કરી શકે છે. આભૂષણ પુરવઠા સાંકળમાં, નકામા પદાર્થના મુખ્ય સ્વરૂપો જોખમી પદાર્થો, હવા અને પાણીના સ્ત્રાવો અને સામાન્ય કામકાજ સંબંધિત નકામા પદાર્થનો સમાવેશ કરે છે. |
| નકામા ખડક | ખાણકામથી મિશ્રધાતુ સુધી પહોંચવા દરમિયાન દૂર કરવામાં આવતી સામગ્રીઓ. |
| WDC | વર્લ્ડ હીરા કાઉન્સિલ |
| WGV | વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ |
| કામદારો | કર્મચારીઓ, કોન્ટ્રેક્ટરો તરીકે વર્ણવાયેલા વ્યક્તિઓ. |
| કામકાજના કલાકો | એ સમય કે જે દરમિયાન વ્યક્તિઓને કામ ઉપર રાખવામાં આવે છે તે નોકરીદાતાની વ્યવસ્થા મુજબ હોય છે. બાકીનો સમયગાળો એ એવો સમય છે કે જે દરમિયાન કામ ઉપર રોકવામાં આવેલ વ્યક્તિઓ નોકરીદાતાની વ્યવસ્થા અનુસાર હોતા નથી. |
| વિશ્વ વારસાના સ્થળો | 1972 ના વિશ્વ વારસાના કરાર હેઠળ સ્થાપવામાં આવેલા સ્થળો. |
| કિશોર વ્યક્તિ | ઉપર દર્શાવ્યા મુજબ બાળકની ઉંમર કરતા વધારે અને 18 વર્ષથી નીચેની ઉંમર ધરાવતો કોઈપણ કામદાર. |